અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 24 ઓગસ્ટ 2026 સોમવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -12 | અંક : 55 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  ફ્રાન્સમાં સપ્ટેમ્બરમાં ખુલશે પ્રથમ મોટું હિન્દુ મંદિર: પેરિસ નજીક ઉદ્ઘાટન થશે

4  બાળ જાતીય શોષણનો વર્ચ્યુઅલ વ્યાધિ વૈશ્વિક મહામારી બની રહ્યો છે!

6  કોણ છે સારાંશ જૈન? જેણે 33 વર્ષની ઉંમરે ભારતીય ટેસ્ટ ટીમમાં ડેબ્યૂ કરી ઈતિહાસ રચ્યો

7  આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો: સોનું ₹8,257 વધીને ₹1.61 લાખ પર પહોંચ્યું


## NEWS BRIEF

### NCP ધારાસભ્ય રોહિત પવારના PAની દીકરીનું મોત

**બારામતીમાં નાળા પાસે મૃતદેહ મળ્યો, ઘરેથી નારાજ થઈને નીકળી હતી**

પુણેના બારામતીમાં NCP(SCP) ધારાસભ્ય રોહિત પવારના પર્સનલ આસિસ્ટન્ટ (PA)ની 12 વર્ષની દીકરીનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું. પોલીસના જણાવ્યા અનુસાર, બાળકી રોહિત પવારના PAની દીકરી હતી. તેનો મૃતદેહ રવિવારે સવારે બારામતીના સાઈનગર વિસ્તારમાં ઘરના નાળા પાસે મળ્યો હતો.



શનિવારે કોઈ વાતને લઈને બાળકીનો તેની માતા સાથે સામાન્ય ઝઘડો થયો હતો. આ પછી તે ગુસ્સે થઈને ઘરેથી બહાર નીકળી ગઈ હતી. ઘણી વાર સુધી બાળકી ઘરે ન ફરતા પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી. ત્યારબાદ પોલીસે તેની શોધખોળ શરૂ કરી. રવિવારે સવારે ઘર પાસે બાળકીનો મૃતદેહ મળ્યાની જાણ પોલીસને થઈ. પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બારામતી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ મોકલી આપ્યો.

રોહિત પવારે જણાવ્યું કે તેઓ બારામતી મેડિકલ કોલેજમાં છે, જ્યાં બાળકીના પરિવાર, મિત્રો અને પરિચિતો સહિત ઘણા લોકો હાજર છે. સંબંધિત અધિકારી સાથે વાત કરતા તેમને જાણ થઈ કે બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ શરૂ થઈ ચૂક્યું છે. તેમણે પોલીસ અધિકારીઓ સાથે લગભગ અડધો કલાક વાત કરી.

### મુંબઈમાં 22 ફૂટ ઊંચી ગણેશ પ્રતિમા પડી, 2 મોત

**પાંચ લોકો ઘાયલ, મંડપમાં લાવી રહ્યા હતા, 50 મીટર પહેલાં દુર્ઘટના**



**મુંબઈ, તા.23**

મહારાષ્ટ્રના મુંબઈમાં બાયકુલાથી ભુલેશ્વર લાવવામાં આવી રહેલી 22 ફૂટ ઊંચી ગણેશજીની મૂર્તિ મંડપથી લગભગ 50 મીટર પહેલા પડી ગઈ. આ દુર્ઘટનામાં 2 લોકોના મોત થયા. પાંચ લોકો ઘાયલ છે. આ દુર્ઘટના 22 ઓગસ્ટની રાત્રે લગભગ 9:51 વાગ્યે બલરામ મર્ચન્ટ રોડ, જય અંબે ચોક પાસે થઈ. પ્રાથમિક તપાસમાં રસ્તા પર કોઈ મોટો ખાડો જોવા મળ્યો નથી. પ્રતિમાનું સંતુલન બગડવું એ દુર્ઘટનાનું કારણ માનવામાં આવી રહ્યું છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. મૃતકોની ઓળખ સંકેત નેવશે (33) અને બ્રિજેશ હેમંત જોશી (30) તરીકે થઈ છે. ઘાયલોમાં વૈભવ ઘેનંદ (38), પવન ચૌરસિયા (25), લાવણ્યા ગનેર (5), દિવ્યા ગનેર (7) અને કુણાલ કાશિદ (26)નો સમાવેશ થાય છે. તમામની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેમની હાલત સ્થિર હોવાનું જણાવાયું છે. મહારાષ્ટ્રમાં આ વર્ષે ગણેશોત્સવ 14 સપ્ટેમ્બરથી શરૂ થશે. મુંબઈમાં લગભગ 10,600 સાર્વજનિક ગણેશ મંડળો છે, પરંતુ લગભગ 2,500 મંડળોએ 10 દિવસના ઉત્સવ માટે પરવાનગી લીધી છે. સમગ્ર મહારાષ્ટ્રમાં લગભગ 28 લાખ ગણેશજીની મૂર્તિઓ સ્થાપિત થવાનો અંદાજ છે. મુંબઈમાં પંડાલની પરવાનગી માટે ઓનલાઈન સિંગલ-વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આમાં BMC સાથે સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસની NOC પણ ઓનલાઈન મળી શકશે. અરજીઓ 13 સપ્ટેમ્બર સુધી કરી શકાશે. આ વર્ષે મુંબઈના મોટા મંડળોએ અલગ-અલગ થીમની તૈયારી કરી છે. અંધેરીચા રાજામાં અયોધ્યાના રામ મંદિરની પ્રતિકૃતિ, જ્યારે કેટલાક પંડાલોમાં સુપરહીરો જેવી થીમ પસંદ કરવામાં આવી છે.

# PM મોદીએ નવી ભાજપ કારોબારી સાથે બેઠક કરી

## PM મોદીએ કહ્યુ, આવી બેઠકો પાર્ટીને મજબૂત કરે છે, સવારે નિતિન નબીને મીટિંગ કરી હતી




**નવી દિલ્હી, તા.23**

PM મોદી શનિવારે સાંજે દિલ્હીમાં ભાજપના મુખ્યાલયે પહોંચ્યા. તેમણે પાર્ટીની નવી રાષ્ટ્રીય ટીમ સાથે મુલાકાત કરી.

મુલાકાતની જાણકારી આપતા PMએ X પર લખ્યું- પાર્ટીના સાથીઓ સાથેની બેઠક સારી રહી. આવી બેઠકો પાર્ટીને મજબૂત કરવા અને જનતા સાથે જોડાણ પર ઊંડા વિચાર-વિમર્શનું મંચ બની રહે છે.

આ પહેલા શનિવારે સવારે નવા પદાધિકારીઓની ભાજપ અધ્યક્ષ નિતિન નબીન સાથે પણ બેઠક થઈ હતી. ઉલ્લેખનીય છે કે નવી ટીમની જાહેરાત 17 ઓગસ્ટે થઈ હતી. 65 સભ્યોની ટીમમાં રામ માધવને ઉપાધ્યક્ષ અને સ્મૃતિ ઈરાનીને મહાસચિવ બનાવીને પાછા લાવવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારે યુનિવર્સિટી આઉટરીચ પ્રોગ્રામ દ્વારા કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે સીધા જોડાવાની તૈયારી કરી છે. ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે 19 ઓગસ્ટની કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો કે કેન્દ્રીય મંત્રીઓ અલગ-અલગ યુનિવર્સિટીઓમાં જઈને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે અને તેમના પ્રશ્નો, વિચારો અને સમસ્યાઓ સાંભળશે.

બેઠકમાં મંત્રીઓની સોશિયલ મીડિયા પોસ્ટની પહોંચ પર પણ ચર્ચા થઈ. તેમાં ખાસ કરીને યુવા લોકો સુધી સંદેશ પહોંચાડવા માટે વધુ મહેનત કરવાની વાત કહેવામાં આવી.

નવી ટીમમાં 14 જૂના ચહેરાઓને ફરીથી સ્થાન મળ્યું છે, જ્યારે 51 નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે કે 65 સભ્યોની ટીમમાં લગભગ 78.5% નવા ચહેરા છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે સંગઠનમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યો છે, જોકે કેટલાક અનુભવી નેતાઓને પણ જાળવી રાખવામાં આવ્યા છે.

# સરકારના વાયદા પોકળ ગણાવી CJPનું અલ્ટીમેટમ: ફરી દેશવ્યાપી આંદોલનની તૈયારી

**નવી દિલ્હી, તા.23**



કોકરોચ જનતા પાર્ટી (CJP) એ ચેતવણી આપી છે કે, જો સરકાર પોતાના વચનો પૂરા નહીં કરે, તો દેશમાં ફરી એકવાર શાંતિપૂર્ણ આંદોલન શરૂ કરવામાં આવશે. સીજેપીએ કેન્દ્ર સરકાર પર યુવાનો સાથે કરેલા વચનોથી ફેરવી તોળવાનો અને વિશ્વાસઘાત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પાર્ટીએ જણાવ્યું કે, 25 જુલાઈના રોજ જે સમજૂતીના આધારે દેશવ્યાપી આંદોલન પાછું ખેંચવામાં આવ્યું હતું, તે માગણીઓ સરકાર હવે પૂરી કરવામાંથી પીછેહઠ કરી રહી છે. સીજેપીની લીગલ ટીમ અને નેતાઓના જણાવ્યા અનુસાર, 18 ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકાર પાસે ત્રણ વખત વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી એફઆઈઆર (FIR)ની પૂરી યાદી માગી હતી. સુપ્રીમ કોર્ટ બંધારણની કલમ 142 હેઠળ મળેલા વિશેષ અધિકારોનો ઉપયોગ કરીને તમામ કેસો એકસાથે રદ કરવા માગતી હતી. પરંતુ, કોર્ટના વારંવાર પૂછવા છતાં, કેન્દ્ર સરકારે આ યાદી સોંપવા અંગે કોઈ સ્પષ્ટતા કરી નહોતી. પ્રેસ કોન્ફરન્સમાં સીજેપીના સહ-સંયોજક સૌરવ દાસ અને લીગલ અફેર્સ લીડ રત્ના સિંહે આરોપ લગાવ્યો કે, આંદોલન સમાપ્ત કરાવ્યા બાદ સરકાર દેશના યુવાનોને છેતરવાનો પ્રયાસ કરી રહી છે. સીજેપીના નેતાઓએ સ્પષ્ટ કર્યું કે સરકારે તેમની સાથે બે મુખ્ય વચનો આપ્યા હતા.

કેસ પાછા ખેંચવા: આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓ પર દાખલ થયેલી તમામ એફઆઈઆર તરત રદ કરવામાં આવશે, અને ભવિષ્યમાં કોઈ દંડાત્મક કાર્યવાહી નહીં થાય. પીડિતોને વળતર: NEET પરીક્ષા વિવાદમાં જીવ ગુમાવનારા વિદ્યાર્થીઓના પરિવારોને સન્માનજનક વળતર આપવામાં આવશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોકરોચ જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક 24 ઓગસ્ટે બોલાવવામાં આવી છે, જેમાં આગળની વ્યૂહરચના નક્કી કરવામાં આવશે.

# અનામત અમારો અધિકાર, દાનમાં નથી મળ્યું: જંતર-મંતરમાં આંદોલન મુદ્દે ભડક્યા ચિરાગ પાસવાન

**નવી દિલ્હી, તા.23**



દિલ્હીના જંતર મંતર ખાતે થઈ રહેલા 'અનામત હટાવો આંદોલન'ના વિરોધ પ્રદર્શનો વચ્ચે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને અનામત વ્યવસ્થાનું સમર્થન કર્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે અનામત એ કોઈ દયા કે ભેટ નથી, પરંતુ બંધારણીય અધિકાર છે. જે જ્ઞાતિઓ અને સમુદાયોએ સદીઓથી ભેદભાવનો સામનો કરવો પડ્યો છે તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉદ્દેશ્યથી બંધારણમાં આ જોગવાઈ કરવામાં આવી છે. કોઈ વ્યક્તિ કે જૂથ માત્ર માંગણી કરે તેટલાથી અનામત ખતમ થઈ શકે નહીં.

ચિરાગ પાસવાને બિહારમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, અનસુચિત જાતિ (SC) ની ઓળખ અસ્પૃશ્યતા અને સામાજિક ભેદભાવના આધારે કરવામાં આવી હતી. જ્યારે અનસુચિત જનજાતિ (ST)ની પોતાની આગવી સંસ્કૃતિ, ભાષા અને જીવનશૈલી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં અનામતની જોગવાઈ કરીને આ વંચિત વર્ગોને અધિકાર આપ્યો હતો. સમય જતાં આ જોગવાઈઓને વધુ મજબૂત કરવામાં આવી છે અને આજે ઉચ્ચ જ્ઞાતિના ગરીબ લોકોને પણ (EWS) અનામતનો લાભ મળી રહ્યો છે. આટલા વ્યાપક બંધારણીય અધિકારને યોગ્ય વિચાર-વિમર્શ વગર નાબૂદ કરવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

બીજી તરફ, નવી દિલ્હીના જંતર મંતર પર સેંકડો લોકો 'અનામત હટાવો આંદોલન' હેઠળ એકઠા થયા હતા. સોશિયલ મીડિયા પર 5.6 મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતા આ આંદોલનની મુખ્ય માંગ છે કે સરકારી સહાય, શિષ્યવૃત્તિ અને શિક્ષણમાં આર્થિક સ્થિતિને મુખ્ય આધાર બનાવવો જોઈએ. આંદોલનકારોએ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના પ્રવેશમાં ન્યૂનતમ માર્ક્સનો નિયમ જાળવી રાખવા, ક્રિમી લેયરના નિયમો સ્પષ્ટ કરવા અને છેલ્લા 80 વર્ષમાં અનામતની અસરો અંગે શ્વેતપત્ર (White Paper) બહાર પાડવાની માંગ કરી છે. ઉપરાંત EWS વર્ગને વધુ સુવિધાઓ આપવાની અપીલ કરવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને ઉમેર્યું કે અનામત અંગેની કોઈપણ ગેરસમજ દેશની મોટી વસ્તીમાં આક્રોશ પેદા કરી શકે છે. જો પ્રદર્શનકારીઓ પોતાની માંગણીઓ પદ્ધતિસર રીતે સરકાર સમક્ષ રજૂ કરશે તો સરકાર તેમની સાથે સકારાત્મક વાતચીત કરશે. આંદોલનકારીઓના જણાવ્યા મુજબ, કેન્દ્રીય મંત્રી વ્યક્તિગત રીતે તેમની સાથે મુલાકાત કરીને આ મુદ્દાઓ પર ચર્ચા હાથ ધરશે.

# ટ્રમ્પે ફરી ઈરાનને છંછેડ્યું, હોર્મુઝને USનો વિસ્તાર ગણાવ્યો: નવો મેપ શેર કર્યો, ઈરાની સિક્યોરિટી ચીફે કહ્યું- અમેરિકાએ છેતરપિંડી કરી

**વોશિંગ્ટન, તા.23**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર હોર્મુઝ સ્ટ્રેટને 'અમેરિકી વિસ્તાર' ગણાવ્યો છે. ટ્રમ્પ આ પહેલાં 18 ઓગસ્ટે પણ કહી ચૂક્યા છે કે અમેરિકા ટૂંક સમયમાં હોર્મુઝને પોતાના વિસ્તાર તરીકે જાહેર કરી શકે છે.



બીજી તરફ ઈરાને ટ્રમ્પના દાવાને ફગાવી દીધો છે. ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવ મોહસિન રેઝાઈએ કહ્યું કે અમેરિકાએ વાતચીત, કૂટનીતિ અને પોતાની સહી સુધી સાથે છેતરપિંડી કરી છે. તેમણે કહ્યું કે હવે ઈરાને અમેરિકા સાથે પોતાની વાતચીતની રીતમાં ફેરફાર કરવો પડશે.

રેઝાઈએ કહ્યું કે હોર્મુઝ હજુ બંધ છે અને અમેરિકા પોતાનું વલણ સુધારે ત્યાં સુધી ખુલશે નહીં. તેમણે કહ્યું કે આ વખતે અમેરિકાએ પહેલાં પોતાની જવાબદારીઓ અને કરેલા વાયદા પૂરા કરવા પડશે.

હોર્મુઝ સ્ટ્રેટનો ઉત્તરીય ભાગ ઈરાન પાસે છે, જ્યારે દક્ષિણી ભાગ ઓમાનના મુસંદમ ક્ષેત્રને અડીને આવેલો છે. ફારસની ખાડીમાંથી નીકળતા જહાજો આ જ માર્ગે અરબી સમુદ્ર અને પછી હિંદ મહાસાગર તરફ જાય છે.

આ જ કારણોસર હોર્મુઝ સ્ટ્રેટ માત્ર એક દેશનો નહીં, પરંતુ ઘણા દેશો માટે એક મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. અમેરિકા અહીં પોતાના યુદ્ધ જહાજો અને નૌસૈનિક દળો તૈનાત રાખે છે જેથી દરિયાઈ વેપાર અને પોતાના સહયોગી દેશોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

ખાડી દેશોમાંથી દુનિયાને મોકલવામાં આવતા લગભગ 20% ક્રૂડ ઓઈલ અને મોટા પ્રમાણમાં કુદરતી ગેસનો પુરવઠો હોર્મુઝ સ્ટ્રેટમાંથી થાય છે.

ફેબ્રુઆરીમાં અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થતા પહેલા દરરોજ લગભગ 2 કરોડ બેરલ ઓઈલ આ માર્ગેથી પસાર થતું હતું. ભારત, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોની ઊર્જા સપ્લાય મોટાભાગે આ જ માર્ગ પર નિર્ભર છે. રેઝાઈએ કહ્યું કે ટ્રમ્પના ઈરાન પરના હુમલાથી દુનિયામાં પરમાણુ હથિયારોને લઈને ડર વધુ વધી ગયો છે. તેમનું કહેવું છે કે હવે અન્ય દેશોને પણ લાગી શકે છે કે પરમાણુ હથિયારો વિના તેઓ સુરક્ષિત નથી.

રેઝાઈએ કહ્યું કે ઈરાન પરમાણુ અપ્રસાર સંધિ (NPT) નો સભ્ય છે અને આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર તેના પરમાણુ કાર્યક્રમની તપાસ પણ કરાવતો રહ્યો છે. તેમ છતાં અમેરિકાએ તેના પર હુમલો કર્યો. તેમણે કહ્યું કે તેનાથી દુનિયાના બીજા દેશોમાં પરમાણુ હથિયાર મેળવવાની ઈચ્છા વધી શકે છે. રેઝાઈ મુજબ, અમેરિકાની કાર્યવાહીએ પરમાણુ સુરક્ષા મજબૂત કરવાને બદલે ઉલટો ખતરો વધારી દીધો છે.

આ પહેલાં ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ મોટી આર્થિક કાર્યવાહીની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ઈરાને સમજૂતીની તક ગુમાવી દીધી છે, તેથી હવે તેને આર્થિક રીતે અલગ કરવામાં આવશે. ટ્રમ્પે ચેતવણી આપી કે ઈરાનને મદદ કરનારા દેશો અને સંસ્થાઓ પર પણ કાર્યવાહી થશે. તેમાં બેંક, કંપનીઓ, એરપોર્ટ અને સરકારી સંસ્થાઓ સામેલ છે.

તેમણે ઓઈલ તસ્કરી નેટવર્ક પર કાર્યવાહી કરવા અને કેશ ટ્રાન્સફર, કરન્સી એક્સચેન્જ, જહાજોના રજીસ્ટ્રેશન અને નકલી કંપનીઓ દ્વારા ઈરાન સુધી પહોંચતી આર્થિક મદદને રોકવાની વાત કહી. ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાનની નૌકાદળ અને વાયુસેનાને મોટું નુકસાન થયું છે અને તેની ઘણી સૈન્ય ફેક્ટરીઓ તબાહ થઈ ગઈ છે. તેમણે એમ પણ કહ્યું કે ઈરાનની મુદ્રાની હાલત ખૂબ ખરાબ છે અને દેશ આર્થિક સંકટમાં છે. ટ્રમ્પે અમેરિકાની નવી આર્થિક કાર્યવાહીને 'ઈકોનોમિક ડી-ડે' ગણાવી. સરળ ભાષામાં તેનો અર્થ એ છે કે અમેરિકા ઈરાન પર ખૂબ મોટું આર્થિક દબાણ લાવવા જઈ રહ્યું છે. તેમણે અન્ય દેશોને પણ ઈરાનને મદદ કરવાનું બંધ કરવા અને અમેરિકા સાથે આ અભિયાનમાં જોડાવા અપીલ કરી. અમેરિકાની નવી કાર્યવાહીની સૌથી મોટી અસર ઈરાનના ઓઈલના કારોબાર અને પૈસાની લેવડદેવડ પર પડી શકે છે.




# વેપારીઓ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી: ગઠિયાએ ચેક આપી માલ ખરીદી લીધો, બેંકમાં જમા કરાવવા જતા બાઉન્સ થયો

**અમદાવાદ, તા.23**

અમદાવાદમાં લોકો સાથે હવે છેતરપિંડીના બનાવો વધી રહ્યા છે. લાખો કરોડો રૂપિયાની છેતરપિંડી લોકો સાથે ગઠિયાઓ કરતા હોય છે જેમાં વેપારીઓ સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતની 6 ફરિયાદ નોંધાઈ છે. વિરાગ પટેલ નામના વ્યક્તિએ ઈન્ડિયામાર્ટ અને બોગસ કંપનીઓના નામે 4 વેપારીઓને નિશાન બનાવ્યા છે, જ્યારે અન્ય 2 કિસ્સામાં રોકાણના નામે 1.32 કરોડની અને શો-રૂમમાં કારના ડાઉન પેમેન્ટ પેટે 3,56,820 રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



શહેરના ઉસ્માનપુરાની મહિલા વેપારી દર્શનાબેન પટેલ સાથે સિમેન્ટના બિઝનેસમાં 2.5 ટકા વળતરની લાલચ આપી સેટેલાઇટના પ્રતિક કેજરીવાલ અને તેમની પત્ની હેમલત્તા કેજરીવાલે 2.78 કરોડથી વધુનું રોકાણ કરાવ્યું હતું. આરોપી દંપતીએ 1.46 કરોડ પરત કર્યા બાદ બાકી 1.32 કરોડની મૂળ રકમ તથા નફો આપવાની ના પાડી દીધી અને છેલ્લા પાંચ મહિનાથી ફોન પણ બંધ કરી દીધા હતા. કાનૂની નોટિસનો જવાબ ન મળતા દર્શનાબેને દંપતી વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. માધવપુરામાં બૂટ-ચપ્પલના વેપારી સાથે 1.80 લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ કરાઈ છે. શાહીબાગના સુમેલ-11માં કે.આર.બી. ફૂટવેર પ્રા.લિ.ના એમડી કરણભાઈ ભગતની ફરિયાદ મુજબ ખોડિયાર એન્ટરપ્રાઈઝના વિરાગભાઈ પટેલે 402 લેડીઝ અને 122 જેન્ટ્સ બૂટ-ચપ્પલનો ઓર્ડર આપી બે સહી કરેલા બ્લેન્ક ચેકના આધારે 1,80,275નો માલ લઈ લીધો હતો. જોકે, બેંકમાં ચેક જમા કરાવતા બંને બાઉન્સ થતાં અને વારંવાર ઉઘરાણી છતાં નાણાં ન ચૂકવતા વેપારીએ માધવપુરા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ચાંદખેડામાં ઈન્ડિયામાર્ટ એપ પર વેપારી તરીકે ખોટી ઓળખ આપી લાખો રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. બોડકદેવમાં રહેતા વિરાગ પટેલે રકનપુરની પોપ્યુલર ઓટોટેક બેટરીઝના માલિક કિંચિત ગડિયા પાસેથી 250 ઈન્વર્ટર બેટરીનો ઓર્ડર આપી 5 મે 2022ના રોજ 226 બેટરીનો 22.93 લાખનો માલ મંગાવ્યો હતો. ચૂકવણી માટે આપેલો ઈન્ડિયન બેંકનો ચેક ઓછા બેલેન્સના કારણે બાઉન્સ થતાં વિરાગે પૈસા ચૂકવવાના બદલે ખોટા વાયદા કર્યા અને બાદમાં ફોન બંધ કરી ઓફિસ તથા ગોડાઉન બંધ કરીને ફરાર થઈ ગયો હતો. આ મામલે વેપારીએ ચાંદખેડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ચાંદખેડામાં બીજી ફરિયાદ મુજબ ઈન્ડિયા માર્ટ એપથી કોન્ટેક્ટમાં આવેલા રૂપેશ પ્રજાપતિ અને વિરાગ પટેલે દાહોદમાં ડંકી પ્રોજેક્ટની સાઈટ હોવાનું કહી 50 બોક્સ કિચન હાર્ડવેરનો ઓર્ડર આપ્યો હતો. બાકી પેમેન્ટના વિશ્વાસે વેપારી પ્રેરક મોદીએ ટુકડે-ટુકડે 12,20,474નો માલ મોકલ્યો હતો, જેના બદલામાં અપાયેલો રૂપિયા 8,78,038નો ચેક બાઉન્સ થયો હતો. બાદમાં વધુ સામાન મંગાવી RTGSથી પેમેન્ટ કરવાનું કહ્યા બાદ આરોપીઓ ઓફિસ બંધ કરી ફોન સ્વીચ ઓફ કરીને ફરાર થઈ જતા વેપારીએ બંને વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. સોલા વિસ્તારમાં દીપક લેધર સેલ્સના વેપારી સુરજભાઈ નાગર સાથે 1.79 લાખની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપી વિરાગભાઈ પટેલે ખોડિયાર એન્ટરપ્રાઈઝના નામે 1,686 જોડી ચંપલનો ઓર્ડર આપી માલ મંગાવી કડી નાગરિક સહકારી બેંકનો ચેક આપ્યો હતો, જે ઓછા બેલેન્સના કારણે બે વખત બાઉન્સ થયો હતો. વેપારીએ પેમેન્ટ માંગતા આરોપીએ ગાળો આપી ધમકી આપી હતી. તપાસ કરતા આરોપીએ આપેલું ઓફિસનું સરનામું પણ બોગસ હોવાનું સામે આવતા સોલા પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના થલતેજમાં પેલેડિયમ મોલ નજીક પોપ્યુલર વ્હીલર્સ પ્રા. લિ.ના મારુતિ સુઝુકી શો-રૂમમાં કંપનીના જ ટીમ લીડરે પાંચ ગ્રાહક પાસેથી કારના ડાઉન પેમેન્ટના નામે 3,56,820 રોકડા લઈ કંપનીમાં જમા નહીં કરાવીને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. બોપલના આર્યન આવિષ્કારમાં રહેતા અને શો-રૂમમાં ટીમ લીડર તરીકે ફરજ બજાવતા જીગ્નેશ મહેશકુમાર વોરાએ 11 મે 2026થી 25 જૂન 2026 દરમિયાન કેવલભાઈ મકવાણા પાસેથી 1 લાખ, મુકેશભાઈ રાઠોડ પાસેથી 26,820, જયેશભાઈ પટેલ પાસેથી 40 હજાર, ગણેશસિંગ સિખારા પાસેથી 90 હજાર અને વિશાલ લોઢી પાસેથી 1 લાખ મેળવી આ રકમ કંપનીમાં જમા કરાવી ન હતી.

# લઠ્ઠાકાંડ બાદ દારૂબંધીનો કડક અમલ કરાવા અમદાવાદ પોલીસ જાગી!: 3 દિવસમાં 436 વિદેશી અને દેશી દારૂના ગુનાઓ નોંધાયા

**અમદાવાદ, તા.23**

ભાવનગરમાં લઠ્ઠાકાંડ થયા બાદ રાજ્ય પોલીસ વડાએ શહેરો અને જિલ્લાઓમાં દારૂ અંગેની ડ્રાઈવ રાખવા માટેની સૂચના આપી હતી. અમદાવાદમાં પોલીસે દેશી અને વિદેશી દારૂ વેચનારા બુટલેગરો સામે કાર્યવાહી કરી છે. ત્રણ દિવસમાં તમામ પોલીસ સ્ટેશન, ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી અને ઝોન એલસીબીની ટીમોએ દરોડા પાડીને 476 લોકો સામે 436 જેટલા દેશી-વિદેશી દારૂના કેસો નોંધવામાં આવ્યા છે. શહેરમાં દારૂ વેચવાની પ્રવૃત્તિ કરનારા બુટલેગરો સામે પોલીસ કડકમાં કડક કાર્યવાહી કરી રહી છે.



રાજયમાં દારૂની ગેરકાયેદસર પ્રવૃતિ અંકુશમાં લેવા પોલીસ વડા જી.એસ મલિકે તમામ શહેરો અને જિલ્લાઓમાં સ્પેશીયલ પ્રોહીબીશન ડ્રાઈવ કરવા સૂચના આપી હતી, જેના પગલે અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવા માટેની સૂચના આપી હતી. શહેરના લિસ્ટેડ બુટલેગર્સ તેમજ ચોરી છુપીથી દારૂની પ્રવૃતિ કરતાં ઈસમોને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા.

જેમાં વિદેશી દારૂના 73 કેસો કરવામાં આવ્યા છે. 29.93 લાખની વિદેશી દારૂની બોટલ/બીયર નંગ-11479 સહિત 80.56 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે દેશી દારૂના 336 કેસો કરવામાં આવ્યો છે. 7.38 લાખનો 3693 લીટર દારૂ સાથે 8.43 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે જેમાં 7 લોકો સામે પાસાના કાયદા હેઠળ કાર્યવાહી કરી અલગ અલગ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે.

પોલીસ કમિશનર દ્વારા ગુનેગારોને પાસા કરવાની કાર્યવાહી કડક કરવામાં આવી છે, જેના પગલે 41 જેટલા ગુનેગારો સામે પાસાની કાર્યવાહી કરી અલગ અલગ જેલમાં મોકલવામાં આવ્યા છે. જેમાં સૌથી વધારે દેશી અને વિદેશી દારૂ બહારથી મંગાવી વેચનારા તેમજ હેરાફેરી કરનારા સહિતના 18 બુટલેગરો સામે પાછા કરવામાં આવી છે. જ્યારે મિલકત સંબંધી ગુનેગારો 14 અને શરીર સંબંધી જેવા કે મારામારી હત્યા નો પ્રયાસ સહિતના ગુનાઓ કરનારા 9 ગુનેગારો સામે પાસા કરીને જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

# ઉધનાની સીલ થયેલી માર્કેટમાંથી માનવ કંકાલ મળ્યું, હત્યા કે આત્મહત્યા દિશામાં તપાસ શરૂ

**સુરત, તા.23**

સુરતના ઉધના વિસ્તારમાં આવેલા અંબર કોલોની સામેના વિસ્તારમાંથી એક અત્યંત સનસનાટીભરી અને રહસ્યમય ઘટના પ્રકાશમાં આવી છે. ઉધના-નવસારી મેઈન રોડ પર સ્થિત અને લાંબા સમયથી જર્જરિત હાલતમાં પડેલી 'એપી માર્કેટ'ના નિર્જન પરિસરમાંથી અચાનક જ એક માનવ કંકાલ (હાડપિંજર) મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભય અને ચકચારનો માહોલ સર્જાયો છે. એક વર્ષથી બંધ રહેલી આ વેપારી ઈમારતમાં અચાનક જ હાડપિંજર મળ્યાના સમાચાર વાયુવેગે વાયરલ થતાં જ આસપાસના રહીશો, સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓના મોટા ટોળેટોળાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.



સ્થાનિક સ્તરેથી મળતી વિગતો અનુસાર, સુરત મહાનગરપાલિકા દ્વારા સુરક્ષા અને જર્જરિત ઈમારત હોવાના કારણોસર આ એપી માર્કેટને છેલ્લા એકાદ વર્ષથી સત્તાવાર રીતે સીલ કરી દેવામાં આવ્યું હતું. લાંબા સમયથી આ ઈમારત સંપૂર્ણપણે બંધ અને જર્જરિત હતી, તેમજ તેના પરિસરમાં કોઈ સામાન્ય નાગરિક કે અજાણી વ્યક્તિ માટે જવું પણ શક્ય નહોતું. આવી સ્થિતિમાં, આટલા મહિનાઓથી સીલબંધ ઈમારતના અંદરના ભાગેથી માનવ કંકાલ કઈ રીતે અને ક્યાંથી આવ્યું તે પ્રશ્ન પોલીસ અને સ્થાનિકો માટે એક ગૂંચવાડાભર્યું રહસ્ય બની ગયું છે. બનાવની ગંભીરતા અને નાજુકતાને ધ્યાનમાં રાખીને, ઘટનાની જાણ થતાં જ ઉધના પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, ક્રાઈમ બ્રાન્ચ અને કર્મચારીઓનો મોટો કાફલો તુરંત જ બનાવ સ્થળે દોડી ગયો હતો. પોલીસે પહોંચતાની સાથે જ સમગ્ર એપી માર્કેટના વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને સામાન્ય લોકોની અવરજવર પર રોક લગાવીને પ્રાથમિક પંચનામા સહિતની કાયદાકીય કાર્યવાહી શરૂ કરી દીધી હતી.

ઘટનાના મૂળ સુધી પહોંચવા માટે પોલીસે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ના તજજ્ઞોની મદદ લીધી છે. FSL ની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. આ મળેલું કંકાલ કોઈ પુરુષનું છે કે સ્ત્રીનું, તેમજ આ વ્યક્તિનું મૃત્યુ આશરે કેટલા સમય કે મહિનાઓ પહેલાં થયું હશે તે દિશામાં પ્રાથમિક તપાસ ચાલી રહી છે. કાયદાકીય અને ફોરેન્સિક પ્રક્રિયાના ભાગરૂપે આ હાડપિંજરને પોસ્ટમોર્ટમ તેમજ ડીએનએ પ્રોફાઈલિંગ (DNA Profiling) અર્થે સ્પેશિયલાઈઝ્ડ લેબમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કેસમાં પોલીસે તમામ શક્યતાઓ ખુલ્લી રાખીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ કોઈ અજાણ્યા ગુનેગાર દ્વારા હત્યા કરીને લાશને સીલબંધ માર્કેટમાં છુપાવી દેવાનો કાવતરાખોર મામલો છે કે પછી કોઈ વ્યક્તિએ ગુપ્ત રીતે અંદર પ્રવેશ કરીને આત્મહત્યા કરી લીધી છે, તે તમામ પાસાઓ પર ઉધના પોલીસે અકસ્માતે મોત તેમજ અન્ય ગુનાહિત કલમો હેઠળ તપાસ નોંધીને ચારેય તરફથી તપાસ લંબાવી છે.

# વીમા કંપનીઓની મનસ્વી કપાત સામે ગ્રાહક કમિશનની લાલઆંખ: 3 કેસમાં દર્દીઓને વ્યાજ સાથે વળતર ચૂકવવા આદેશ

**અમદાવાદ, તા.23**

જાહેર અને ખાનગી ક્ષેત્રની પ્રખ્યાત વીમા કંપનીઓ દ્વારા હેલ્થ ઈન્સ્યોરન્સ તથા મેડીક્લેઈમના સેટલમેન્ટ સમયે 'રીઝનેબલ એન્ડ કસ્ટમરી ચાર્જીસ' (Reasonable & Customary Charges) કે 'કો-પેમેન્ટ'ના બહાના હેઠળ ગ્રાહકોના ક્લેઈમમાંથી કરવામાં આવતી આડેધડ અને ગેરવાજબી કપાત સામે 'ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ' (CPAC) ની કાનૂની લડતને એક ખૂબ જ મહત્વપૂર્ણ અને મોટી સફળતા સાંપડી છે. અમદાવાદ શહેર ગ્રાહક તકરાર નિવારણ કમિશને અલગ-અલગ ત્રણ વિશિષ્ટ કેસોની ઝીણવટભરી સુનાવણી કર્યા બાદ વીમા કંપનીઓની સેવામાં ગંભીર ખામી અને ગેરવાજબી વેપાર નીતિ (Unfair Trade Practice) આચરવામાં આવી હોવાનું સ્પષ્ટપણે ઠેરવ્યું છે. આ ચુકાદાઓ દ્વારા કમિશને પોલિસી ધારકોના અધિકારોનું રક્ષણ કરતા તેમને કાપી લેવાયેલી રકમ વ્યાજ તથા વાદ-ખર્ચ સહિત પરત ચૂકવવાનો કડક હુકમ કર્યો છે.




આ લડતમાં પ્રોસ્ટેટ કેન્સરની ગંભીર બીમારીનો પ્રથમ કિસ્સો સામે આવ્યો છે, જેમાં અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા સીનિયર સિટીઝન દેવાંગ સી. સાફી પાસે નેશનલ ઈન્સ્યોરન્સ કંપનીની રૂ. 8.50 લાખની મેડીક્લેઈમ પોલિસી હતી. તેમણે પ્રોસ્ટેટ કેન્સરની જટિલ અને તાત્કાલિક સારવાર અર્થે સ્ટર્લિંગ હોસ્પિટલમાં કુલ રૂ. 4,96,903 નો ખર્ચ કર્યો હતો. જોકે, ક્લેઈમ પ્રોસેસિંગ દરમિયાન TPA (થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર) દ્વારા રીઝનેબલ ચાર્જીસનું બહાનુ ધરીને બિલમાંથી મોટી રકમનો કાપ મૂકી દેવાયો હતો. આ અન્યાય સામે ગ્રાહક કમિશનમાં કરવામાં આવેલી રજૂઆતોને ગ્રાહક કમિશને સંપૂર્ણપણે યોગ્ય ગણાવી હતી અને આ કપાતને ગેરવાજબી ઠેરવી હતી. કમિશને નેશનલ ઈન્સ્યોરન્સ કંપનીને આદેશ આપ્યો હતો કે તેમણે કાપી લીધેલી રૂ. 1,53,400 ની રકમ વાર્ષિક 8% ના વ્યાજ સાથે અને ગ્રાહકના કાનૂની વાદ-ખર્ચ પેટે વધારાના રૂ. 15,000 ની ચૂકવણી કરવી પડશે.

બીજો કેસ પણ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની સાથે જોડાયેલો સર્વિકલ કેન્સરનો હતો. ગીરાબેન ડી. સાફી નામના મહિલા દર્દીને ગર્ભાશયની ગ્રીવાના કેન્સરની સારવાર અર્થે અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં ભર્તી કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવારનો કુલ ખર્ચ રૂ. 5,42,395 થયો હતો. આ કેસમાં પણ TPA દ્વારા ગેરવાજબી રીતે મોટી રકમ કાપી લેવામાં આવી હતી અને અગાઉ વીમા લોકપાલ સમક્ષ રજૂઆત કરવા છતાં ગ્રાહકને યોગ્ય ન્યાય મળ્યો ન હતો. આ કેસની સુનાવણી દરમિયાન ગ્રાહક કમિશને અત્યંત મહત્વપૂર્ણ અવલોકન કરતા જણાવ્યું હતું કે, કોઈ પણ હોસ્પિટલ કે તબીબ તેમની ઉચ્ચ લાયકાત અને અનુભવના આધારે સર્જરી તથા સેવાઓની ફી નક્કી કરતા હોય છે, તેથી વીમા કંપની પોતાની મરજી મુજબ આ ખર્ચને ગેરવાજબી ગણાવીને કપાત કરી શકે નહીં. આથી કમિશને કપાત કરાયેલી રૂ. 2,35,500 ની રકમ વ્યાજ અને વાદ-ખર્ચ સાથે તુરંત ચૂકવી આપવાનો આદેશ જાહેર કર્યો હતો.

ત્રીજો કિસ્સો કોવિડ-19 ની મહામારી સમયની સારવાર સાથે જોડાયેલો છે, જેમાં બજાજ એલેયન્ઝ હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. મણિનગર વિસ્તારના રહેવાસી જિગીષાબેન એ. પટેલે વર્ષ 2021 માં કોરોના વાયરસના સંક્રમણ દરમિયાન હોસ્પિટલમાં સારવાર મેળવી હતી, જેનું બિલ રૂ. 1,35,708 થયું હતું. પરંતુ વીમા કંપનીએ પોતાના નિયમોનો હવાલો આપીને ક્લેઈમ પેટે માત્ર રૂ. 39,686 ની જ ચુકવણી કરી હતી. ગ્રાહક કમિશને આ કેસમાં વીમા કંપની દ્વારા રૂમ રેન્ટ અને કો-પેમેન્ટના નામે ઊભી કરવામાં આવેલી તકરાર અને દલીલોને આકરા શબ્દોમાં ફગાવી દીધી હતી. કમિશને આદેશ કર્યો હતો કે બાકી નીકળતી રૂ. 76,700 ની રકમ વાર્ષિક 8% ના વ્યાજ સાથે આગામી 30 દિવસની અંદર ચૂકવવામાં આવે. જો વીમા કંપની નિર્ધારિત સમયમર્યાદામાં ચૂકવણી કરવામાં વિલંબ કરશે તો તેણે 9% ના ઊંચા વ્યાજ દર લેખે આ રકમ ચૂકવવી પડશે.

# સડેલા શાકભાજી મળ્યા, ચામડીના રોગવાળા કારીગર સામે કાર્યવાહી: પાંડેસરા અને ગુલશનનગરના હોટેલ, રેસ્ટોરન્ટમાં ચેકિંગ, સતત છઠ્ઠા દિવસે ફૂડ વિભાગની તવાઈ

**સુરત, તા.23**

સુરતના વરાછા સ્થિત શીતલ રેસ્ટોરન્ટમાં 15 ઓગસ્ટના રોજ પરિવાર સાથે જમ્યા બાદ સભ્યોની તબિયત અચાનક લથડવાની અને 4 વર્ષની માસૂમ બાળકીનું કરૂણ મોત નિપજવાની અત્યંત ગંભીર ઘટના સામે આવ્યા પછી સુરત મહાનગરપાલિકાનું મકાન અને આરોગ્ય તંત્ર ઊંઘમાંથી સફાળું જાગ્યું છે. પ્રજાના જીવ સાથે ચેડાં કરતી હોટેલો અને ખાદ્યપદાર્થોના વેપારીઓ સામે કાર્યવાહી કરવા માટે સુરત મનપાના આરોગ્ય અને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા છેલ્લા 6 દિવસથી સમગ્ર શહેરમાં એક અભૂતપૂર્વ અને સઘન મેગા ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ખાસ ઝુંબેશના ભાગરૂપે ફૂડ સેફ્ટી અધિકારીઓની અલગ-અલગ ટીમોએ શહેરના પાંડેસરા અને ગુલશનનગર જેવા ગીચ વિસ્તારોમાં દરોડા પાડીને ખોરાકની ગુણવત્તાના નિયમોનો ધજાગરો ઉડાડતા વેપારીઓ સામે કડક લાલ આંખ કરી છે.



મનપાના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ગુલશનનગર ચાર રસ્તા તેમજ તેની આસપાસના મુખ્ય વિસ્તારોમાં આવેલી નાની-મોટી હોટેલો, રેસ્ટોરન્ટ્સ, ચા-નાસ્તાની દુકાનો અને ખાણી-પીણીની લારીઓ પર ઓચિંતું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા કારણ કે અનેક જાણીતી અને અજાણી જગ્યાઓએ અતિશય ગંદકી, અસ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના પ્રાથમિક નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું જોવા મળ્યું હતું. સ્થળ તપાસ દરમિયાન રસોડામાંથી અને સંગ્રહ સ્થાનમાંથી મોટો સડેલા બટાટા અને ટમેટાનો જથ્થો મળી આવ્યો હતો, જ્યારે હોટેલોના ફ્રિજમાં પણ વાસી અને અસ્વચ્છ ખોરાક રાખવામાં આવ્યો હોવાનું ખુલ્લું પડ્યું હતું. ફૂડ વિભાગની ટીમોએ આ તમામ અખાદ્ય અને આરોગ્ય માટે હાનિકારક સામગ્રીનો સ્થળ પર જ નાશ કરાવ્યો હતો અને નિયમોનો ભંગ કરનારા એકમો પાસેથી આશરે 30,000 જેટલો વહીવટી દંડ પણ વસૂલ કર્યો હતો.

આ દરોડા અને તપાસ દરમિયાન પાંડેસરા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને માનવ આરોગ્ય માટે જોખમી બાબત પ્રકાશમાં આવી હતી. ત્યાં સ્થિત એક ખાદ્યપદાર્થની દુકાનમાં તપાસ કરતા જાણવા મળ્યું કે, એક કર્મચારી ગંભીર સ્કીન ડિસીઝ (ચામડીના રોગ)થી પીડાતો હોવા છતાં કોઈપણ જાતના રક્ષણાત્મક પગલાં વિના સીધો જ ગ્રાહકો માટે ખાદ્યપદાર્થો બનાવી રહ્યો હતો. આ ગંભીર બેદરકારી જોઈને ફૂડ ઓથોરિટીના અધિકારીઓએ તાત્કાલિક ધોરણે તે વ્યક્તિને કામ પરથી દૂર કરવાનો કડક આદેશ આપ્યો હતો. અધિકારીઓએ દુકાનમાલિકને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જ્યાં સુધી આ કર્મચારી માન્ય તબીબ પાસે જઈને સંપૂર્ણ સારવાર ન કરાવે અને સત્તાવાર રીતે 'મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ' રજૂ ન કરે, ત્યાં સુધી તેને કોઈપણ સંજોગોમાં રસોડામાં કે ખાદ્યપદાર્થ બનાવવાના કામ પર રાખી શકાશે નહીં. આ ઉપરાંત, જે એકમોમાં સ્વચ્છતા અને લાયસન્સ સંબંધિત ખામીઓ મળી આવી છે તે તમામ ખામીઓ સંપૂર્ણપણે દૂર ન થાય ત્યાં સુધી વેપારીઓને પોતાના ધંધા-રોજગાર બંધ રાખવાની આકરી નોટિસ પણ ફટકારવામાં આવી છે.

શહેરમાં ચાલી રહેલી આ આકરી કાર્યવાહી અંગે સત્તાવાર માહિતી આપતા સુરત મનપાના મુખ્ય આરોગ્ય અધિકારી કેયુર ભટ્ટે જણાવ્યું હતું કે, માસૂમ બાળકીના મોતની ઘટના બાદ તંત્ર અત્યંત ગંભીર બન્યું છે અને હાલ પાંડેસરા તેમજ ગુલશનનગર ચાર રસ્તા આસપાસ સ્પેશિયલ સર્ચ ઓપરેશન અને ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જ્યાં પણ સ્વચ્છતા કે ખોરાકની શુદ્ધતામાં ખામીઓ મળી આવી છે ત્યાં અખાદ્ય પદાર્થોનો તાત્કાલિક સ્થળ પર નાશ કરાવીને વહીવટી ખર્ચ અને દંડ વસૂલવામાં આવ્યો છે. ચામડીના રોગથી પીડાતા વ્યક્તિને કામથી દૂર રખાવીને મેડિકલ ફિટનેસ વગર કામ ન કરવાની કડક સૂચના અપાઈ છે. તેમણે વધુમાં ભારપૂર્વક ઉમેર્યું હતું કે, જ્યાં સુધી શહેરના તમામ હોટેલ-રેસ્ટોરન્ટના વેપારીઓ પોતાની માનસિકતા નહીં સુધારે અને પ્રજાના આરોગ્ય તથા જિંદગી સાથે ચેડાં કરવાનું બંધ નહીં કરે, ત્યાં સુધી પાલિકાની આ સરપ્રાઈઝ ચેકિંગ, દરોડા અને કડક કાનૂની કાર્યવાહી કાયમ માટે સતત ચાલુ જ રહેશે.

# પાર્લે પોઇન્ટમાં અંડરગ્રાઉન્ડ લાઇન લીકેજ થતાં રસ્તા પર પાણી પાણી: રસ્તાનો એક હિસ્સો બેસી ગયો

**સુરત, તા.23**

સુરતના પોશ ગણાતા પાર્લે પોઈન્ટમાં અચાનક અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનમાં ભારે દબાણ સાથે લિકેજ સર્જાતા મુખ્ય માર્ગ પર પાણી ફરી વળ્યાં હતાં અને રસ્તાનો એક હિસ્સો બેસી ગયો હતો. રસ્તો ક્ષતિગ્રસ્ત થવાના કારણે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો, તેમજ આજુબાજુના સોસાયટીના રહીશો અને દુકાનદારો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.



**પાણી પુરવઠો આંશિક રીતે ખોરવાયો**

પાર્લે પોઈન્ટ સ્થિત અશોક પાન પાસે આજે 23 ઓગસ્ટ સવારના સમયે અચાનક પાઈપલાઈન તૂટી પડતાં રસ્તા પરથી ધસમસતો પ્રવાહ વહેવા લાગ્યો હતો. જોતજોતામાં રોડ ફાટી ગયો હતો અને ગાબડું પડ્યું હતું. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. લાઈન તૂટવાને પગલે આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠો આંશિક રીતે ખોરવાયો હતો.

**સ્થાનિક કોર્પોરેટરે SMCના અધિકારીઓને દોડાવ્યા**

ઘટનાની જાણ થતા વોર્ડ નંબર 21ના કોર્પોરેટર ડિમ્પલ ચેતન કાપડિયા તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. કોર્પોરેટરે જણાવ્યું હતું કે, અમારા સ્થાનિક કાર્યકર્તા તરફથી ફોન દ્વારા માહિતી મળી હતી કે પાર્લે પોઈન્ટમાં અશોક પાન પાસે લાઈન ફાટી ગઈ છે અને રોડ પણ ક્ષતિગ્રસ્ત થયો છે. અમે તાત્કાલિક સુરત મહાનગરપાલિકા (SMC) ના અધિકારીઓને જાણ કરી દીધી છે. બાજુમાં મંડપ બાંધકામ ચાલતું હતું તેના લીધે કે અન્ય કોઈ ટેકનિકલ કારણોસર લાઈન ક્ષતિગ્રસ્ત થઈ છે તેની તપાસ કરાશે. SMC તંત્રને અમે તાકીદ કરી છે અને અધિકારીઓ-ટીમ પહોંચીને તાત્કાલિક ધોરણે સમારકામ પૂર્ણ કરશે જેથી સ્થાનિકોને વધુ હેરાનગતિ ન ભોગવવી પડે.

**SMCએ ગાબડાંનું સમારકામ શરૂ કર્યું**

કોર્પોરેટર દ્વારા અધિકારીઓને તાકીદ કરવામાં આવતાં મ્યુનિસિપલ કોર્પોરેશનની હાઈડ્રોલિક અને ડ્રેનેજ વિભાગની ટીમો ઘટનાસ્થળે રવાના થઈ હતી. રસ્તા પર પડેલા ગાબડાંનું સમારકામ કરીને વહેલી તકે માર્ગ વાહનવ્યવહાર માટે પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકા અને અમારી વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ: કેનેડિયન PMએ ટ્રમ્પના ટેરિફને હુમલો ગણાવ્યો, US પર જવાબી ટેરિફ લગાવવાની જાહેરાત કરી

લંડન, તા.23

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ અમેરિકા સાથેના વધતા વેપાર વિવાદ અંગે જણાવ્યું છે કે "અમે યુદ્ધમાં છીએ, કારણ કે અમારા પર હુમલો થયો છે." તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને કેનેડા પર હુમલો ગણાવ્યો.

કાર્નીએ કહ્યું કે અમેરિકાએ વેપાર વાટાઘાટોના છેલ્લા રાઉન્ડમાં એવી શરતો મૂકી હતી, જેને કેનેડા સ્વીકારી શકે નહીં. હવે કેનેડા અન્ય દેશો સાથે વેપાર વધારશે. અમેરિકા પર નિર્ભરતા ઘટાડશે. કેનેડા દબાણમાં એવી ડીલ મંજૂર નહીં કરે, જે તેના હિતો અને સાર્વભૌમત્વને નુકસાન પહોંચાડે.

અમેરિકાએ કેનેડાના લગભગ 20 અબજ ડોલરના સામાન પર 50% ટેરિફ લગાવ્યો છે. આના પર કેનેડાએ પણ અમેરિકી સામાન પર વળતો ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે, જે 8 સપ્ટેમ્બરથી લાગુ થશે.

અમેરિકા અને કેનેડા વચ્ચે 3 દિવસ સુધી ચાલેલી ટ્રેડ ડીલની વાતચીત નિષ્ફળ રહી. ત્યારબાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મધ્યરાત્રિથી કેનેડાના 20 અબજ ડોલર (લગભગ 1.9 લાખ



કરોડ રૂપિયા)ના સામાન પર 50% ટેરિફ લાગુ કરી દીધો.

આ ટેરિફ કેનેડા દ્વારા અમેરિકા મોકલવામાં આવતા કુલ સામાનના લગભગ 5% છે. અમેરિકા અને કેનેડાના અધિકારીઓએ વોશિંગ્ટન ડીસીમાં ત્રણ દિવસની વાતચીત કરી હતી, પરંતુ વેપાર કરાર અંતિમ થઈ શક્યો નહીં.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું કે અમેરિકા જેટલો ટેરિફ લગાવશે, કેનેડા પણ તેટલો જ જવાબ આપશે.

બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ ન થઈ શક્યા બાદ અમેરિકી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) એ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે કેનેડાએ અમેરિકા સાથે ભાગીદારીનો ખૂબ સારો મોકો ગુમાવી દીધો છે.

USTR મુજબ, તેમણે કેનેડાને કોઈપણ મોટા નિકાસકારની સરખામણીમાં શ્રેષ્ઠ ઓફર આપી હતી. પરંતુ કેનેડાની નવી માંગણીઓ અને અગાઉ કરેલા વાયદાઓથી પીછેહઠ કરવાને કારણે આ ડીલ થઈ શકી નહીં.

USTRએ વધુમાં જણાવ્યું કે જો આ ડીલ થઈ હોત તો તેનાથી એરોસ્પેસમાં સપ્લાય ચેઈન કોઓર્ડિનેશન, ખોટી વેપાર પ્રથાઓનો સામનો કરવા માટે જરૂરી પગલાં, ખનિજો પર સહયોગ અને US-મેક્સિકો-કેનેડા એગ્રીમેન્ટ (USMCA) વાટાઘાટોની ઘોષણા જેવા પરિણામો સામે આવત.

અમેરિકાનું કહેવું છે કે કેનેડાની કેટલીક વેપાર નીતિઓ અમેરિકી કંપનીઓ માટે નુકસાનકારક છે. બંને દેશો વચ્ચે ઘણા મુદ્દાઓ પર લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. આમાં ઓટોમોબાઈલ, ડેરી પ્રોડક્ટ્સ, દારૂ અને લાકડાનો વેપાર મુખ્ય છે.

અમેરિકાએ પહેલા 20 ઓગસ્ટથી નવી ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. જોકે, ડેડલાઈન પહેલા જ બંને દેશોએ વાતચીત શરૂ કરવાનો નિર્ણય કર્યો. ત્યારબાદ ટ્રમ્પે ટેરિફ લાગુ કરવાની સમયમર્યાદા 3 દિવસ વધારી દીધી, જેથી સમજૂતીનો પ્રયાસ કરી શકાય.

અમેરિકી અધિકારીઓ અનુસાર, ઘણા મુદ્દાઓ પર સહમતિ બની ગઈ હતી, પરંતુ કેટલાક મહત્વના મામલાઓમાં બંને દેશો એકબીજાની શરતો પર સહમત થઈ શક્યા નહીં.

અમેરિકા લાંબા સમયથી ફરિયાદ કરતું રહ્યું છે કે કેનેડાની ટ્રેડ પોલિસી અમેરિકી કાર કંપનીઓને કેનેડાના બજારમાં સમાન તક આપતી નથી.

અમેરિકા ઈચ્છે છે કે તેની કારો અને અન્ય સામાન માટે કેનેડાનું બજાર વધુ ખુલ્લું રહે.

કેનેડાએ બદલામાં અમેરિકા પાસેથી સ્ટીલ, એલ્યુમિનિયમ, કાર અને લાકડા પર લગાવવામાં આવેલી ટેરિફમાં રાહત માંગી હતી. પરંતુ અમેરિકા આ ટેરિફ હટાવવા તૈયાર ન થયું.

કેનેડા પોતાના ડેરી બજારને વિદેશી કંપનીઓ અને સસ્તા ડેરી ઉત્પાદનોથી બચાવવા માટે લાંબા સમયથી ઘણા નિયમો લાગુ કરતું રહ્યું છે.

અમેરિકા ઈચ્છે છે કે તેના દૂધ, પનીર અને અન્ય ડેરી ઉત્પાદનોને કેનેડાના બજારમાં વધુ સરળતાથી વેચવાની તક મળે.

પરંતુ કેનેડા પોતાના ડેરી સેક્ટરને લઈને વધુ છૂટછાટ આપવા તૈયાર ન થયું. આ મુદ્દે પણ બંને દેશો વચ્ચે મતભેદ રહ્યા.

કેનેડાના કેટલાક ભાગોમાં અમેરિકી દારૂના વેચાણ પર પણ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. અમેરિકા તેને પોતાના સામાન સાથે ભેદભાવ તરીકે જુએ છે.

અમેરિકા ઈચ્છે છે કે તેના દારૂને કેનેડાના બજારમાં વધુ સરળતાથી વેચવાની પરવાનગી મળે.

આ ઉપરાંત, બંને દેશો વચ્ચે કેનેડાના સોફ્ટવુડ લંબર એટલે કે લાકડાને લઈને પણ લાંબા સમયથી વિવાદ છે. અમેરિકા કેનેડાથી આવતા લાકડા પર વિવિધ વેપાર નિયંત્રણો અને શુલ્ક લગાવતું રહ્યું છે.

# બાંગ્લાદેશમાં હિન્દુ પરિવારના 4 લોકોના શંકાસ્પદ મોત: બંધ ઘરમાંથી નિવૃત્ત શિક્ષક, પત્ની અને બાળકોના મૃતદેહ મળ્યા, હત્યાની આશંકા

ઢાકા, તા.23

બાંગ્લાદેશના રંગપુર શહેરમાં એક હિંદુ પરિવારના ચાર સભ્યો શંકાસ્પદ હાલતમાં મૃત મળી આવ્યા. તેમાં સ્કૂલના નિવૃત્ત શિક્ષક, તેમની પત્ની, 23 વર્ષની પુત્રી અને 12 વર્ષનો પુત્ર સામેલ છે.

ચારેયના મૃતદેહ શનિવારે રાત્રે એક બંધ ઘરમાંથી મળી આવ્યા હતા. પોલીસ, CID અને ડિટેક્ટિવ બ્રાન્ચની ટીમો તપાસ કરી રહી છે.

મૃતકોની ઓળખ ગણપતિ ચક્રવર્તી (65), તેમની પત્ની પ્રીતિલતા ચક્રવર્તી (50), પુત્રી આગામી ચક્રવર્તી પ્રાર્થી (23) અને પુત્ર પ્રિયમ ચક્રવર્તી (12) તરીકે થઈ છે.

ગણપતિ રંગપુર જિલ્લા સ્કૂલમાં શિક્ષક હતા અને ગયા વર્ષે 31 ડિસેમ્બરે નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ પછી તેઓ હોમિયોપેથીનું કામ પણ કરી રહ્યા હતા.

પરિવારજનોના જણાવ્યા મુજબ, પ્રીતિલતાની નાની બહેન પૂજા ચક્રવર્તીએ તેમની સાથે ગુરુવારે બપોરે છેલ્લી વાર વાત કરી હતી. ત્યારબાદ ગુરુવાર રાતથી પરિવારના ચારેય મોબાઈલ ફોન બંધ થઈ ગયા હતા.

શનિવારે રાત્રે પરિવારજનો રંગપુરના દાસપાડા વિસ્તારમાં તેમના ઘરે પહોંચ્યા. ઘરનો મુખ્ય દરવાજો બંધ હતો અને અંદરની બધી લાઈટો પણ બંધ હતી.



ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી. પોલીસે ઘરનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો અને ચારેયના મૃતદેહ મળી આવ્યા.

રંગપુર મેટ્રોપોલિટન CIDના અધિકારી સુબીર ચૌધરીના જણાવ્યા અનુસાર, ગણપતિનો મૃતદેહ છત પરથી, તેમની પત્ની અને પુત્રીના મૃતદેહ સીડીઓ પાસેથી મળ્યા હતા. જ્યારે 12 વર્ષના પુત્ર પ્રિયમનો મૃતદેહ પલંગ નીચેથી મળ્યો હતો.

પરિવારજનોએ જણાવ્યું કે તેમને ખબર નથી કે પરિવારને કોણે અને શા માટે નિશાન બનાવ્યો. ગણપતિની ભત્રીજી સોમા ચક્રવર્તીએ કહ્યું કે તેમના કાકાને કોઈની સાથે ઝઘડો કે દુશ્મની નહોતી. પરિવારે દાસપાડામાં નવું ઘર બનાવ્યું હતું અને ત્યાં જ રહેતો હતો.

ગણપતિની પુત્રી આગમીએ આ વર્ષે અંગ્રેજીમાં માસ્ટર્સની ડિગ્રી પૂરી કરી હતી. તેમનો 12 વર્ષનો પુત્ર પ્રિયમ 5મા ધોરણમાં ભણતો હતો.

રંગપુર મેટ્રોપોલિટન કોતવાલી પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારી નઝમુલ કાદેરના જણાવ્યા અનુસાર, પોલીસ સાથે CID અને ડિટેક્ટીવ બ્રાન્ચ પણ કેસની તપાસ કરી રહી છે. ફોરેન્સિક ટીમે પણ ઘટનાસ્થળેથી પુરાવા ભેગા કર્યા છે.

હાલમાં પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે ચારેયનું મૃત્યુ ક્યારે અને કેવી રીતે થયું અને તેની પાછળ શું કારણ હતું.

મૃત્યુનું સાચું કારણ અને ઘટનાનો સંપૂર્ણ ક્રમ હજુ સામે આવ્યો નથી. પોલીસ કેસના તમામ પાસાઓની તપાસ કરી રહી છે.

# પાકિસ્તાનમાં 12-12 કલાક અંધારપટ: લોકો રસ્તા પર ઉતર્યા, રસ્તો જામ કર્યો, સતત વીજ કાપને કારણે પાણી સપ્લાય ખોરવાયો

ઈસ્લામાબાદ, તા.23

પાકિસ્તાનમાં વીજળી સંકટ વધી રહ્યું છે, કરાચી સહિત ઘણા શહેરોમાં 12-12 કલાક વીજળી કાપ થઈ રહ્યો છે. કરાચીમાં વીજળી કાપ સામે શનિવારે લોકોએ પ્રદર્શન કર્યું, ઘણા કલાકો સુધી રસ્તાઓ જામ રાખ્યા.

આ પ્રદર્શનથી શહેરમાં ટ્રાફિક ઠપ્પ થઈ ગયો અને હજારો લોકો જામમાં ફસાઈ ગયા. ડોન મુજબ, લોકોએ જણાવ્યું કે તેમને રોજ 12 કલાક કે તેથી વધુ વીજળી કાપનો સામનો કરવો પડી રહ્યો છે.

તેમનું કહેવું છે કે ઘણીવાર કાપની જાણકારી પણ આપવામાં આવતી નથી. વીજળી ન હોવાને કારણે પમ્પિંગ સ્ટેશનો બંધ રહે છે. આનાથી પાણીનો પુરવઠો પણ અટકી રહ્યો છે.

આ સમસ્યાને લઈને કરાચીના વેપારીઓ અને વીજ કંપની કે-ઈલેક્ટ્રિક (KE)ના કર્મચારીઓ વચ્ચે વિવાદ થયો. પ્રદર્શનમાં સામેલ વેપારીઓએ કહ્યું- વીજળીના અનિયમિત પુરવઠાથી ધંધાને ઘણું નુકસાન થઈ રહ્યું છે.

પ્રદર્શન અને જામની પણ લોકો પર ખરાબ અસર પડી રહી છે. એક મહિલાએ જણાવ્યું કે તેમની માતાને તાવ હતો, તેઓ માતાને તપાસ માટે ક્લિનિક લઈ જઈ રહ્યા હતા, પરંતુ તેમની એમ્બ્યુલન્સ લગભગ 2 કલાક સુધી જામમાં ફસાયેલી રહી. ગરીબાબાદના રહેવાસી ઈમરાને કહ્યું- સમયસર વીજળીનું બિલ ભરીએ છીએ છતાં 12 કલાક વીજળી કપાય છે. આજે તો અમે ઘર સુધી પહોંચી શક્યા નહીં.



જુલુસ અને આ પ્રદર્શનોને કારણે આખું શહેર જામ છે.

પાકિસ્તાનના ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં પણ શનિવારે રાત્રે ભારે વરસાદને કારણે ઘણી જગ્યાએ વીજ સપ્લાયને અસર થઈ. ઘણા રસ્તાઓ અને અંડરપાસ પાણીમાં ડૂબી ગયા.

રાવલપિંડીમાં નુલ્લાહ લાઈનું જળસ્તર 19 ફૂટ સુધી વધી ગયું. રસ્તાઓ પર એટલું પાણી ભરાઈ ગયું કે ઘણા વિસ્તારોમાં રસ્તાઓ તળાવ જેવા દેખાયા.

કરાચીમાં વીજળીનો પુરવઠો મુખ્યત્વે કે-ઈલેક્ટ્રિકની જવાબદારી છે. કંપનીને વીજળીની અછતની સાથે તેના ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમમાં ખામીનો પણ સામનો કરવો પડી રહ્યો છે. કોઈ વિસ્તારમાં લાઈન કે ટ્રાન્સફોર્મરમાં ખામી સર્જાય તો નિર્ધારિત લોડશેડિંગ ઉપરાંત પણ વીજળી બંધ થઈ શકે છે.

પાકિસ્તાનના ઘણા વીજળી પ્લાન્ટ ગેસ અને રીગેસિફાઈડ લિક્વિફાઈડ નેચરલ ગેસ (RLNG)થી ચાલે છે. આ દિવસોમાં ઈંધણના પુરવઠામાં મુશ્કેલીઓની અસર વીજળી ઉત્પાદન પર પડી છે.

પાકિસ્તાનમાં વીજળી કંપનીઓ પૂરતી વીજળી આપી શકતી નથી, તેથી માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત લોડશેડિંગ દ્વારા સંભાળવામાં આવે છે.

કરાચીમાં ઉનાળા દરમિયાન વીજળીનો વપરાશ ઝડપથી વધી જાય છે. મોટી સંખ્યામાં લોકો AC, પંખા અને અન્ય કૂલિંગ સાધનો ચલાવે છે. આનાથી ખાસ કરીને પીક ટાઈમમાં ગ્રીડ પર ઘણું દબાણ આવે છે. જ્યારે સિસ્ટમ વધુ લોડ સંભાળી શકતી નથી, ત્યારે કેટલાક વિસ્તારોમાં વીજળી કાપવી પડે છે.

કરાચીના કેટલાક વિસ્તારોમાં વીજળી ચોરી અને બિલની ઓછી વસૂલાત જેવા કારણોસર પહેલેથી જ વધુ લોડશેડિંગ કરવામાં આવે છે. આવા વિસ્તારોમાં જો સામાન્ય કાપ દરમિયાન કોઈ ટેક્નીકલી ખામી પણ આવી જાય, તો વીજળી ઘણા કલાકો સુધી બંધ રહી શકે છે.

# ભારત સ્પેસમાં પેટ્રોલ પંપ અને દવાઓ બનાવશે: સ્કાયરૂટ દર મહિને રોકેટ લોન્ચ કરશે, પીએમ મોદીને મળ્યા સ્પેસ સ્ટાર્ટઅપ્સના સ્થાપકો

નવી દિલ્હી, તા.23

સ્પેસમાં પેટ્રોલ પંપ, કચરો હટાવનારા રોબોટ અને હવામાં તરતી દવાઓ. ભારતનો સ્પેસ સેક્ટર હવે ફિલ્મોમાં દેખાતી ટેકનોલોજીને સાચી કરવા પર કામ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના 20 સ્પેસ સ્ટાર્ટઅપ્સના સ્થાપકો સાથે ખાસ વાતચીત કરી હતી.

પીએમએ ખાતરી આપી કે સરકાર ઉદ્યોગસાહસિકોનો સાથ ક્યારેય નહીં છોડે. જોખમ લેનારાઓને પૂરો સહયોગ મળશે. આ વાતચીત 21 ઓગસ્ટે કરવામાં આવી હતી, પરંતુ વીડિયો આજે 23 ઓગસ્ટે રિલીઝ કરવામાં આવ્યો છે. વાંચો આ સંવાદની ખાસ વાતો

સ્કાયરૂટે પીએમ મોદીને જણાવ્યું કે 18 જુલાઈએ ભારતના પહેલા પ્રાઈવેટ રોકેટથી સેટેલાઈટ્સને સફળતાપૂર્વક ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા. કંપનીએ અત્યાર સુધીમાં 3 ફેક્ટરીઓ તૈયાર કરી લીધી છે, જેમાં દર મહિને એક રોકેટ બનાવવાની ક્ષમતા છે.

કંપનીની યોજના દર મહિને એક રોકેટ લોન્ચ કરવાની છે. આ પછીનું લક્ષ્ય દર અઠવાડિયે એક અને ભવિષ્યમાં દરરોજ ઘણા રોકેટ લોન્ચ કરવાનું છે.

સ્પેસ પેટ્રોલ પંપ: એક કંપની ડોકિંગ અને રિફ્યુલિંગ ટેકનોલોજી



વિકસાવી રહી છે, જે અવકાશમાં જ સેટેલાઈટ્સમાં ઈંધણ ભરવાનું કામ કરશે.

કચરો દૂર કરવો: એક રોબોટિક સ્પેસક્રાફ્ટ પર કામ ચાલી રહ્યું છે, જે અવકાશમાં તરતા નકામા અને 'ડેડ' સેટેલાઈટ્સને પકડીને ઓર્બિટમાંથી બહાર કાઢશે.

સ્પેસ ફાર્મા: એક સ્ટાર્ટઅપ એવા સેટેલાઈટ્સ તૈયાર કરી રહ્યું છે જે અવકાશની ઝીરો-ગ્રેવિટીમાં દવાઓ બનાવશે અને પૃથ્વી પર લાવશે.

જેમ રસ્તા પર ગાડીનું પેટ્રોલ ભરાવવા માટે આપણે પંપ પર જઈએ છીએ, તેમ જ અંતરિક્ષમાં સેટેલાઈટ્સનું ઈંધણ પુરુ થઈ જાય છે. એક ભારતીય કંપની એવી ટેકનિક બનાવી રહી છે, જે હવામાં જ ઉડતા સેટેલાઈટ્સ સાથે જોડાઈને તેમાં ફરીથી પેટ્રોલ-ડીઝલની જેમ ઈંધણ ભરી દેશે. આનાથી કરોડોના સેટેલાઈટ્સ નકામા નહીં થાય.

જ્યારે પૃથ્વી પર કોઈ દવા બનાવવામાં આવે છે, ત્યારે ગુરુત્વાકર્ષણના ખેંચાણને કારણે તેના કેમિકલ્સ અને પ્રોટીન બરાબર મિક્સ થઈ શકતા નથી અથવા નીચે બેસવા લાગે છે.

આનાથી વિપરીત, અંતરિક્ષમાં દવાઓ અને પ્રોટીન કોઈ પણ ખેંચાણ વગર શુદ્ધ રૂપમાં એકબીજા સાથે ભળે છે. આનાથી દવાઓ બનાવવાની રીત અત્યંત સચોટ અને સ્પષ્ટ બને છે.

સ્પેસ સેક્ટરને પ્રાઈવેટ પ્લેયર્સ માટે ખોલવામાં આવ્યા બાદ એક નવો ગ્લોબલ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. અમેરિકા અને યુરોપમાં કામ કરતા ભારતીય એન્જિનિયર્સ હવે પોતાની નોકરીઓ છોડીને ભારત પાછા ફરી રહ્યા છે અને દેશના સ્પેસ સ્ટાર્ટઅપ્સ સાથે જોડાઈ રહ્યા છે.

આ અંગે પીએમ મોદીએ કહ્યું કે ભારતે એવું વાતાવરણ બનાવવું જોઈએ કે સમગ્ર વિશ્વની પ્રતિભા સ્પેસ સેક્ટરમાં કારકિર્દી બનાવવા માટે ભારત તરફ વળે. ભારતીય ટેલેન્ટ પૂલ વિશ્વના વૈજ્ઞાનિકોને પોતાની તરફ આકર્ષિત કરનાર મેગ્નેટની જેમ કામ કરી શકે છે.

ભારતીય સ્ટાર્ટઅપ્સ ગ્લોબલ લેવલ પર ગ્રાઉન્ડ સ્ટેશન નેટવર્ક તૈયાર કરી રહ્યા છે અને સેટેલાઈટ એન્જિનોની નિકાસ કરવા માટે તૈયાર છે. આ એન્જિન સેટેલાઈટ્સને સ્પેસમાં 5 થી 15 વર્ષ સુધી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં મદદ કરે છે.

કોસ્ટ-ઈફેક્ટિવનેસ એટલે કે ઓછી કિંમત અને ટેલેન્ટના દમ પર ભારતીય કંપનીઓને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં જ ભારતીય સ્ટાર્ટઅપ્સને 8 નવા લોન્ચના કોન્ટ્રાક્ટ્સ મળ્યા છે, જેમાંથી મોટાભાગના વિદેશી ક્લાયન્ટ્સના છે.

સ્પેસ-ટેક સ્ટાર્ટઅપ્સનું ધ્યાન ભારતના કૃષિ ક્ષેત્ર પર પણ છે. સ્ટાર્ટઅપ્સની યોજના સ્પેસ ડેટા અને સેટેલાઈટ્સ દ્વારા લગભગ 10 લાખ ખેડૂતોને મદદ કરવાની છે.

આનાથી હવામાન, જમીનની ભેજ અને પાકના સ્વાસ્થ્ય વિશે સચોટ માહિતી મળશે, જેનાથી ખેતીને વધુ ફાયદાકારક બનાવી શકાય.

# ફ્રાન્સમાં સપ્ટેમ્બરમાં ખુલશે પ્રથમ મોટું હિન્દુ મંદિર: પેરિસ નજીક ઉદ્ઘાટન થશે

પેરિસ, તા.23

ફ્રાન્સમાં પેરિસ નજીક બુસી-સેન્ટ-જ્યોર્જિસમાં સપ્ટેમ્બર 2026માં BAPS સ્વામિનારાયણ હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન થશે. તેને ફ્રાન્સનું પ્રથમ મોટું હિન્દુ મંદિર ગણાવવામાં આવી રહ્યું છે.

મંદિરના ઉદ્‌ઘાટન સાથે 2 થી 14 સપ્ટેમ્બર સુધી 13 દિવસનો 'ફેસ્ટિવલ ઓફ કલ્ચર' યોજાશે. જેમાં લોકોને હિન્દુ પરંપરાઓ, ભારતીય કલા, સંગીત અને સંસ્કૃતિ વિશે જાણવાની તક મળશે.

આ મંદિર માત્ર પૂજા માટે જ નહીં હોય. અહીં સાંસ્કૃતિક અને સામુદાયિક કાર્યક્રમો પણ યોજાશે. ઉદ્‌ઘાટનમાં ભારતીય મૂળના લોકો સાથે હિન્દુ સમુદાય અને ભારતીય સંસ્કૃતિમાં રસ ધરાવતા લોકો પહોંચે તેવી અપેક્ષા છે.

મંદિર ખુલવાથી ફ્રાન્સમાં રહેતા ભારતીય અને હિન્દુ સમુદાયને પૂજા અને સંસ્કૃતિ સાથે જોડાવા માટે એક મોટું કેન્દ્ર મળશે.

પેરિસ નજીક બનેલા BAPS સ્વામિનારાયણ મંદિરમાં



ભારતમાંથી લાવવામાં આવેલા ખાસ પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પથ્થરો ભારતમાં લગભગ 1,000 વર્ષ જૂની કોતરણીની ટેક્નીકથી તૈયાર કરવામાં આવ્યા છે. ઘણા ભાગો પર કારીગરોએ હાથથી ઝીણવટભરી કોતરણી કરી છે.

ભારતમાં તૈયાર કરાયેલા આ પથ્થરોને ફ્રાન્સ લાવીને મંદિરમાં લગાવવામાં આવ્યા. આ કામમાં ભારતીય કારીગરોની સાથે ફ્રાન્સના નિષ્ણાતો પણ સામેલ હતા. તેમાં નોટ્રે-ડેમ કેથેડ્રલના સમારકામ સાથે સંકળાયેલા કારીગરો પણ હતા.

આ રીતે મંદિરમાં ભારતીય શિલ્પકલા અને ફ્રાન્સની આધુનિક નિર્માણ ટેક્નીકનો સંગમ જોવા મળે છે. મંદિરની રચનામાં ગુંબજ, સ્તંભ અને શિખર જેવી પરંપરાગત હિંદુ વાસ્તુકલાનો સમાવેશ થાય છે.

BAPS પેરિસની વેબસાઈટ અનુસાર, ફ્રાન્સમાં હિન્દુ મંદિર બનાવવાનો વિચાર 1970માં આવ્યો હતો. તેના લગભગ 25 વર્ષ પછી, 1995માં પેરિસમાં મંદિર બનાવવાની યોજના પર કામ આગળ વધ્યું.2017માં બુસી-સેન્ટ-જ્યોર્જિસમાં મંદિર માટે જમીન મળી. ત્યારબાદ 2021માં નિર્માણ પ્રક્રિયા આગળ વધી. લગભગ 56 વર્ષ પછી હવે 2026માં મંદિર બનીને તૈયાર છે.

બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે BAPS સ્વામિનારાયણ પરંપરા સાથે સંકળાયેલી એક વૈશ્વિક હિન્દુ સંસ્થા છે. તે માત્ર ધાર્મિક પ્રવૃત્તિઓ જ નથી ચલાવતી, પરંતુ શિક્ષણ, સંસ્કૃતિ અને સામાજિક સેવા સાથે પણ જોડાયેલી છે.

BAPSના મંદિરો ભારત ઉપરાંત અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને યુરોપના ઘણા દેશોમાં છે. અહીં પૂજા અને ધાર્મિક કાર્યક્રમોની સાથે ભારતીય સંસ્કૃતિ, ભાષા, સંગીત, કલા અને બાળકો સંબંધિત કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે.

BAPS મુજબ, વિશ્વભરમાં તેના 1,300 થી વધુ મંદિરો છે અને તેનું નેટવર્ક 50થી વધુ દેશોમાં ફેલાયેલું છે. પેરિસ નજીક બનેલું BAPS સ્વામિનારાયણ મંદિર પણ આ જ વૈશ્વિક નેટવર્કનો એક ભાગ છે.

BAPS દ્વારા બનાવવામાં આવેલા સૌથી પ્રખ્યાત મંદિરોમાં દિલ્હીનું સ્વામિનારાયણ અક્ષરધામ પણ સામેલ છે. આ ઉપરાંત ગુજરાતના ગાંધીનગરમાં પણ અક્ષરધામ સંકુલ છે.દિલ્હીનું અક્ષરધામ પરંપરાગત ભારતીય શૈલીમાં બનાવવામાં આવ્યું છે. તેને બનાવવામાં હજારો કારીગરો અને સ્વયંસેવકોએ કામ કર્યું હતું. BAPS અનુસાર, મંદિરને પરંપરાગત વાસ્તુ અને શિલ્પ પરંપરાઓ અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે.

# પંજાબી યુવકની અમેરિકામાં ગોળી મારીને હત્યા: ડિલિવરી કરવા જઇ રહ્યો હતો, પિતા બોલ્યા- 10 વર્ષ પહેલાં ₹30 લાખનું દેવું કરીને મોકલ્યો હતો

વોશિંગ્ટન, તા.23

પંજાબના કપૂરથલાના રહેવાસી 28 વર્ષીય યુવકની અમેરિકામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી. જે સમયે યુવક પર હુમલો થયો, તે પિઝા ડિલિવરી આપવા જઈ રહ્યો હતો. આ દરમિયાન બાઈક પર આવેલા હુમલાખોરોએ તેના પર ફાયરિંગ કર્યું.

યુવકને ઘાયલ હાલતમાં હોસ્પિટલ પણ પહોંચાડવામાં આવ્યો હતો, પરંતુ તેનો જીવ બચી શક્યો નહીં. યુવકની ઓળખ ગુરદીપ સિંહ તરીકે થઈ છે. તે કપૂરથલાના બેગોવાલના જબ્બોવાલ ગામનો રહેવાસી હતો અને લગભગ 10 વર્ષ પહેલા કામ કરવા માટે અમેરિકા ગયો હતો.

શનિવાર, 22 ઓગસ્ટના રોજ તેના મૃત્યુની સૂચના મળતા પરિવારમાં શોક છવાઈ ગયો છે. પરિવારે કેન્દ્ર અને પંજાબ સરકાર પાસે માંગ કરી છે કે તેમના પુત્રનો મૃતદેહ ભારત લાવવામાં આવે



અને અમેરિકામાં તેની હત્યા કરનારાઓને સજા આપવામાં આવે. 30 લાખ રૂપિયાનું દેવું કરીને મોકલ્યો: મૃતકના પિતા પ્યારા લાલ જણાવ્યું છે કે તેમનો પરિવાર ખૂબ ગરીબ છે. તેમણે પોતાના દીકરાને લગભગ 30 લાખ રૂપિયાનું દેવું કરીને અમેરિકા મોકલ્યો હતો. તેનાથી આશા હતી કે તે અમેરિકામાં કામ કરીને પરિવારની આર્થિક સ્થિતિ સુધારશે. તેમનો પરિવાર દૈનિક મજૂરી કરે છે. પરિવાર પાસે કોઈ જમીન પણ નથી. આટલા વર્ષો વીતી ગયા પછી પણ તેમનું દેવું સંપૂર્ણપણે ઉતરી શક્યું નથી.

ન્યૂયોર્ક શહેરના રિચમંડ સ્ટ્રીટમાં રહેતો હતો: પ્યારા લાલનું કહેવું છે કે દીકરો ગુરદીપ સિંહ અમેરિકાના ન્યૂયોર્ક શહેરના રિચમંડ સ્ટ્રીટમાં રહેતો હતો અને પિઝા ડિલિવરીનું કામ કરતો હતો. આ કામ તે વર્ષોથી કરી રહ્યો હતો. જોકે, તે પહેલા તેણે બીજા કામ પણ કર્યા હતા. લૂંટવા આવેલા બદમાશોએ ગોળી મારી: મૃતકના પિતાનું કહેવું છે કે શનિવારે પણ ગુરદીપ પિઝા ડિલિવર કરવા જઈ રહ્યો હતો. આ દરમિયાન કેટલાક યુવકોએ તેને ઘેરી લીધો. તેઓ ગુરદીપને લૂંટવા આવ્યા હતા. જ્યારે તેઓ તેને લૂંટી ન શક્યા, ત્યારે તેઓએ તેને ગોળી મારી દીધી. જેના કારણે તેનું મોત થયું. સાથે રહેતા લોકોએ ઘટનાની જાણકારી આપી: પ્યારા લાલ કહ્યું કે ગુરદીપ સાથે રહેતા તેમના અહીંના કેટલાક અન્ય લોકોએ તેમને આ ઘટનાની જાણકારી આપી. ઘટનાની જાણ મળ્યા બાદ પરિવાર અને ગામમાં શોક છવાઈ ગયો છે.

## અમદાવાદમાં તૃતીય રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ભવ્ય ઉજવણી

# વિકસિત ભારતના નિર્માણમાં અંતરિક્ષ વિજ્ઞાન અને ટેક્નોલોજીની ભૂમિકા પર નિષ્ણાતોનું મંથન

### અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતની પ્રગતિને વૈશ્વિક નેતૃત્વ સુધી લઈ જવા 'ઇનોવેશન, કોલેબોરેશન અને યુવા શક્તિ' મહત્વપૂર્ણ : કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત

**અમદાવાદ, તા.23**

અમદાવાદના ધ ફોરમ કન્વેન્શન સેન્ટર ખાતે આજે તૃતીય રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. 'Towards Viksit Bharat: Innovating, Collaborating and Aspiring to Global Space Leadership' થીમ આધારિત આ કાર્યક્રમનું આયોજન ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) ના સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC) દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તથા અંતરિક્ષ ક્ષેત્રને લગતા પ્રદર્શનનું ઉદ્ઘાટન કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત તથા રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું કે ઈનોવેટિંગ, કોલેબોરેટિંગ એન્ડ એસ્પાયરિંગ ટુ ગ્લોબલ સ્પેસ લીડરશિપ માત્ર રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની થીમ નથી, પરંતુ વિકસિત ભારતના નિર્માણ માટે ભારતની ત્રણ મહત્વપૂર્ણ આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. ઈનોવેશન નવા ભારતની શક્તિનો આધાર છે, કોલેબોરેશન ભારતીય વિચારધારાનું પ્રતિનિધિત્વ કરે છે અને વૈશ્વિક નેતૃત્વ ભારતની આકાંક્ષા છે. આ ત્રણેયના કેન્દ્રમાં દેશની યુવા શક્તિ રહેલી છે. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ આજે અંતરિક્ષ ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ ટેક્નોલોજી, રોબોટિક્સ, એડવાન્સ્ડ મટિરિયલ્સ અને હાઇ પરફોર્મન્સ કમ્પ્યુટિંગ જેવા ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તનના યુગમાંથી પસાર થઈ રહ્યું છે. ભવિષ્યમાં આ ટેક્નોલોજીઓ અલગ-અલગ નહીં રહે, પરંતુ તેમનું કન્વર્જન્સ માનવજીવન, વૈશ્વિક અર્થવ્યવસ્થા અને ભૂરાજકીય પરિસ્થિતિને પ્રભાવિત કરશે. જે રાષ્ટ્ર આ ટેક્નોલોજીઓના સંકલનની ક્ષમતા વિકસાવશે તે ૨૧મી સદીમાં ટેક્નોલોજીકલ અને આર્થિક નેતૃત્વ કરી શકશે.

શેખાવતે જણાવ્યું હતું કે ભારતની અંતરિક્ષ યાત્રા સંસાધનોની સમૃદ્ધિથી નહીં પરંતુ સંકલ્પ, વૈજ્ઞાનિક આત્મવિશ્વાસ અને દૂરંદેશી વિચારસરણીથી શરૂ થઈ હતી. ડૉ. વિક્રમ સારાભાઈ જેવા દ્રષ્ટા વૈજ્ઞાનિકોએ અંતરિક્ષ ટેક્નોલોજીને માત્ર પ્રતિષ્ઠાનો વિષય નહીં પરંતુ સામાન્ય નાગરિકના જીવનમાં પરિવર્તન લાવવાનું સાધન બનાવવાનું સ્વપ્ન જોયું હતું. તેથી ભારતના અંતરિક્ષ કાર્યક્રમની સફળતાનું મૂલ્યાંકન માત્ર ઉપગ્રહો અને મિશનની સંખ્યાથી નહીં, પરંતુ ખેડૂતો, માછીમારો, આપત્તિ વ્યવસ્થાપન, હવામાન આગાહી, સંચાર, શિક્ષણ, આરોગ્ય અને સુશાસન ક્ષેત્રે ટેક્નોલોજીએ લાવેલા પરિવર્તનથી થવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૦ના સ્પેસ સેક્ટર રિફોર્મ્સ ભારતના અંતરિક્ષ ક્ષેત્ર માટે ઐતિહાસિક વળાંક સાબિત થયા છે. ખાનગી ક્ષેત્ર, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગો માટે અંતરિક્ષ ક્ષેત્ર ખોલવાથી ISROની ભૂમિકા ઓછી થઈ નથી પરંતુ તેની ક્ષમતાને વધુ વ્યાપક બનાવવાની તક મળી છે. આ પ્રક્રિયા સ્પેસ ઓપોર્ચ્યુનિટીઝના ડેમોક્રેટાઇઝેશન તરફનું મહત્વપૂર્ણ પગલું છે. ખાનગી ક્ષેત્ર સેટેલાઇટ મેન્યુફેક્ચરિંગ, લોન્ચ સર્વિસિસ, કોમ્પોનન્ટ્સ, ગ્રાઉન્ડ સપોર્ટ, સ્પેસ એપ્લિકેશન્સ અને ડેટા એનાલિટિક્સ જેવા ક્ષેત્રોમાં નવી તકો ઊભી કરી રહ્યું છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ભારતની સ્પેસ ઈકોનોમી હાલમાં આશરે ૮ અબજ ડોલરની છે અને આગામી દાયકામાં તેને ૪૪ અબજ ડોલર સુધી લઈ જવાની વિશાળ સંભાવના છે. જોકે માત્ર આર્થિક કદ વધારવું પૂરતું નથી. ભારતમાં અદ્યતન ટેક્નોલોજીનું નિર્માણ, ઉચ્ચ કૌશલ્ય આધારિત રોજગારનું સર્જન, બૌદ્ધિક સંપદાનું વ્યાપારીકરણ અને ભારતીય સમસ્યાઓના ટેક્નોલોજી આધારિત ઉકેલ વિકસાવવાનું પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

શેખાવતે અંતરિક્ષ ક્ષેત્રના ભાવિ પડકારો અંગે સ્પેસ ડેબ્રિસ, સાયબર સુરક્ષા, ડેટા સિક્યોરિટી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના જવાબદાર ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઓર્બિટ સમગ્ર વિશ્વ માટે વહેંચાયેલું અને મર્યાદિત સંસાધન છે. વધતા ઉપગ્રહોની સાથે સર્જાતા સ્પેસ ડેબ્રિસને ભવિષ્યમાં અવરોધ બનતા અટકાવવા ભારતે આગેવાની લેવી પડશે.

યુવાનોને આહ્વાન કરતાં શેખાવતે જણાવ્યું હતું કે આજની યુવા પેઢી પાસે ભારતને વિકસિત બનાવવાની અને વિકસિત ભારતમાં રહેવાની બંને તક છે. વૈજ્ઞાનિકો, ટેક્નોલોજી નિષ્ણાતો, ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને યુવાનો સાથે મળીને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરે તે જરૂરી છે. ડૉ. વિક્રમ સારાભાઈ જેવા દ્રષ્ટાઓએ નાખેલા મજબૂત પાયાના આધારે ભારતને વિકસિત અને વૈશ્વિક સ્પેસ લીડર બનાવવાનું સૌભાગ્ય આજની પેઢીને મળ્યું છે.




**વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા**

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત માટે વિરાસત પણ મહત્વપૂર્ણ છે અને વિકાસ પણ મહત્વપૂર્ણ છે. અમદાવાદ અને મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ વચ્ચેનો ઐતિહાસિક સંબંધ ગુજરાત માટે ગૌરવની બાબત છે. ડૉ. વિક્રમ સારાભાઈએ ભારતમાં અંતરિક્ષ કાર્યક્રમનો પાયો નાખ્યો હતો અને આજે ISRO તથા સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર જેવી સંસ્થાઓ ભારતને અંતરિક્ષ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સુધી લઈ જઈ રહી છે. મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાતે વિજ્ઞાન અને ટેક્નોલોજીને વિકાસના મુખ્ય ક્ષેત્ર તરીકે સ્વીકારીને સંશોધન, નવીનતા, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગો માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરી છે. આજે યુવા પેઢી માત્ર નોકરી શોધનારી નહીં, પરંતુ નોકરી આપનારી અને પોતાના વિચારોને સ્ટાર્ટઅપમાં પરિવર્તિત કરનારી બની રહી છે. ગુજરાતમાં સ્પેસ ટેક્નોલોજી આધારિત અનેક સ્ટાર્ટઅપ્સ નવી સંભાવનાઓ સાથે આગળ આવી રહ્યા છે.

તેમણે ગુજરાતમાં સ્થાપિત થનારી કોમન ટેસ્ટિંગ ફેસિલિટી માટે ભારત સરકાર તથા IN-SPACeના સહયોગ બદલ આભાર વ્યક્ત કરી દેશભરના સ્ટાર્ટઅપ્સ અને ઈન્ડસ્ટ્રી લીડર્સને ગુજરાતમાં આવી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા આમંત્રણ આપ્યું હતું. મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બાયોટેક્નોલોજી સહિતના અદ્યતન ક્ષેત્રોમાં સંશોધન અને શ્રેષ્ઠતાના કેન્દ્રો વિકસાવવામાં આવી રહ્યા છે. ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી તથા અદ્યતન BSL-4 ફેસિલિટી જેવી પહેલો ગુજરાતને વૈશ્વિક સંશોધન અને નવીનતાના હબ તરીકે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં છે. વિજ્ઞાનના લોકપ્રિયકરણ અંગે તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં વિવિધ સાયન્સ ગેલેરીઓ તેમજ ૨૪ જિલ્લાઓમાં રિજનલ સાયન્સ સેન્ટર અને જિલ્લા સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓ તથા સામાન્ય જનતામાં વિજ્ઞાન પ્રત્યે રસ કેળવવામાં આવી રહ્યો છે. દર વર્ષે આશરે ૧૦ લાખ લોકો સાયન્સ ટુરિઝમનો લાભ લઈ રહ્યા છે.

તૃતીય રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી માટે અમદાવાદની પસંદગી કરવા બદલ ભારત સરકારનો આભાર વ્યક્ત કરતાં મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાના આવા મહત્વપૂર્ણ કાર્યક્રમનું યજમાન બનવાની તક મળવી ગૌરવની બાબત છે. ગુજરાત સરકાર અંતરિક્ષ વિજ્ઞાન, સ્પેસ ટેક્નોલોજી, સ્ટાર્ટઅપ્સ અને સંશોધન ક્ષેત્રે નવી તકો ઊભી કરીને યુવાનોને વૈશ્વિક સ્તરે આગળ વધવા માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવા પ્રતિબદ્ધ છે.

**ભારતની અંતરિક્ષ યાત્રા વિશ્વની અગ્રણી અવકાશ શક્તિ બનવા તરફ :- ડૉ. વી. નારાયણન, ISROના અધ્યક્ષ તથા અવકાશ વિભાગના સચિવ**

ISROના અધ્યક્ષ તથા અવકાશ વિભાગના સચિવ ડૉ. વી. નારાયણને જણાવ્યું હતું કે, ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્રયાન-૩ના ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક સફળ સોફ્ટ લેન્ડિંગ સાથે ભારતે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. આ ઐતિહાસિક દિવસની સ્મૃતિમાં રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૧૯૬૨માં શરૂ થયેલી ભારતીય અંતરિક્ષ કાર્યક્રમની સફર આજે વિશ્વની અગ્રણી અંતરિક્ષ શક્તિઓમાં સ્થાન મેળવવા સુધી પહોંચી છે.

તેમણે જણાવ્યું હતું કે ચંદ્રયાન-૧ દ્વારા ચંદ્ર પર પાણીના અણુઓની શોધ, ચંદ્રયાન-૨ની અદ્યતન કેમેરા ટેક્નોલોજી અને ચંદ્રયાન-૩ની સફળતા ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાનું પ્રતિબિંબ છે. અંતરિક્ષ ક્ષેત્રમાં થયેલા સુધારાઓ બાદ દેશમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે અને આજે આશરે ૪૪૦ સ્ટાર્ટઅપ્સ અંતરિક્ષ ક્ષેત્રે કાર્યરત છે.

ડૉ. નારાયણને જણાવ્યું હતું કે ભારતનો અંતરિક્ષ કાર્યક્રમ માત્ર વૈજ્ઞાનિક સિદ્ધિઓ પૂરતો સીમિત નથી પરંતુ સામાન્ય નાગરિકના જીવનમાં અંતરિક્ષ ટેક્નોલોજીના લાભ પહોંચાડવાનો તેનો મુખ્ય હેતુ છે. ગગનયાન, ચંદ્રયાન-૪ અને ચંદ્રયાન-૫, મંગળ તથા શુક્ર ગ્રહના મિશન અને વર્ષ ૨૦૩૫ સુધી ભારતીય અંતરિક્ષ સ્ટેશનની સ્થાપના સહિતના મહત્વાકાંક્ષી લક્ષ્યો ભારતે નિર્ધારિત કર્યા છે.

આ પ્રસંગે IN-SPACeના ચેરમેન ડૉ. પવનકુમાર ગોએન્કાએ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમની પ્રગતિ, વૈશ્વિક સ્તરે ભારતની વધતી ભૂમિકા તથા ભવિષ્યમાં ઉપલબ્ધ તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. ISRO Robotics Challenge, ભારતીય અંતરિક્ષ હેકાથોન અને ડૉ. વિક્રમ સારાભાઈ સ્પેસ ક્વિઝના વિજેતા ટીમોને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અંતરિક્ષ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં કારકિર્દી માટે નવી પેઢીને તૈયાર કરવી, ભારતના નવા અંતરિક્ષ પરિતંત્રનો વ્યાપ વધારવો તથા અંતરિક્ષ ક્ષેત્રમાં વૈશ્વિક સહયોગની નવી ક્ષિતિજો જેવા મહત્વપૂર્ણ વિષયો પર નિષ્ણાતોની ચર્ચાઓ યોજાઈ હતી. શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, ખાનગી અંતરિક્ષ ક્ષેત્રની કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ તથા વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોએ ચર્ચામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભારતની અંતરિક્ષ ક્ષેત્રની સિદ્ધિઓ, નવીનતા, સંશોધન, ખાનગી ક્ષેત્રની ભાગીદારી તથા વૈશ્વિક સહયોગની નવી તકોને ઉજાગર કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ભારતને વૈશ્વિક અંતરિક્ષ નેતૃત્વ તરફ આગળ ધપાવવાના સંકલ્પને વધુ મજબૂત બનાવતો મહત્વપૂર્ણ મંચ સાબિત થયો હતો.

આ પ્રસંગે SACના ડાયરેક્ટર ડૉ. વી. એન. રાવ, ડૉ. કાર્તિકેય સારાભાઈ સહિતના અગ્રણીઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ, સ્ટાર્ટઅપ્સ, શિક્ષણવિદો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ સિવિલ સ્થિત ગવર્નમેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ ખાતે દ્વિ-દિવસીય એડવાન્સ શોલ્ડર સર્જરી વર્કશોપ સંપન્ન

### ખભાની સર્જરીમાં તકનીકી ચોકસાઈ લાવવા, દર્દીની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને સૈદ્ધાંતિક જ્ઞાનને પ્રાયોગિક કૌશલ્ય સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે યોજાયો વર્કશોપ

**અમદાવાદ, તા.23**

અમદાવાદના સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત ગવર્નમેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ (GSI) ખાતે બે દિવસીય એડવાન્સ શોલ્ડર સર્જિકલ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. 'ટીચિંગ ધ રાઈટ મેથડ'ના મુખ્ય દ્રષ્ટિકોણ સાથે યોજાયેલા આ એકેડેમિક કાર્યક્રમનો મુખ્ય હેતુ આધુનિક ખભાની સર્જરીમાં તકનીકી ચોકસાઈ લાવવાનો, દર્દીની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને સૈદ્ધાંતિક જ્ઞાનને પ્રાયોગિક કૌશલ્ય સાથે જોડવાનો હતો.

આ ઈન્ટેન્સિવ ટ્રેનિંગ પ્રોગ્રામમાં રાજ્યભરમાંથી તજજ્ઞ ફેકલ્ટી, યુવા ઓર્થોપેડિક સર્જનો અને રેસિડેન્ટ ડોક્ટર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટને વિશ્વસ્તરીય સ્પાઈન અને સ્પોર્ટ્સ ઈન્જરી સેન્ટર બનાવવાના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાના વિઝનને સાકાર કરવાની દિશામાં આ વર્કશોપ એક મહત્વનું આયોજન સાબિત થયું હતું.



કાર્યક્રમના પ્રથમ દિવસે ખભાની જટિલ આર્થ્રોસ્કોપિક અને રિકન્સ્ટ્રક્ટિવ પ્રક્રિયાઓની ૪ લાઈવ સર્જરીઓનું સફળતાપૂર્વક નિદર્શન કરવામાં આવ્યું હતું. ઓપરેશન થિયેટરથી કોન્ફરન્સ હોલમાં રિયલ-ટાઈમ ઓડિયો-વિઝ્યુઅલ ટેલિકાસ્ટ દ્વારા તાલીમાર્થીઓને સર્જરી દરમિયાન તબક્કાવાર માર્ગદર્શન, નિર્ણય પ્રક્રિયાના તર્કો અને ભૂલો નિવારવાની વ્યૂહરચનાઓ પ્રત્યક્ષ રીતે શીખવવામાં આવી હતી.

બીજા દિવસે તાલીમાર્થીઓને ફ્રેશ ટીશ્યુ કેડેવરિક (Cadaveric) સ્પેસિમેન પર પ્રાયોગિક ટ્રેનિંગ આપવામાં આવી હતી, જેથી તેમને ઓપરેશન થિયેટર જેવો જ વાસ્તવિક અનુભવ મળી રહે.

આ સેશન દરમિયાન આર્થ્રોસ્કોપિક પોર્ટલ પ્લેસમેન્ટ, ચોકસાઈપૂર્વક ગાંઠ બાંધવી (Knot Tying), રોટેટર કફ રિપેર તેમજ ખભાની અસ્થિરતા (Instability) ની સર્જિકલ કામગીરી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

તજજ્ઞો દ્વારા આપવામાં આવેલા વન-ઓન-વન માર્ગદર્શનથી દરેક ડેલિગેટે સુવ્યવસ્થિત સર્જિકલ સ્ટેપ્સમાં નિપુણતા મેળવી હતી. આ ઉપરાંત, ઓપરેશન પહેલાં અને પછીની તબીબી સંભાળ, પ્રાદેશિક એનેસ્થેસિયા બ્લોક્સ અને દર્દીના રિહેબિલિટેશન પર પણ ગહન ચર્ચા કરવામાં આવી હતી.

ગવર્નમેન્ટ સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર ડૉ. પીયૂષ મિત્તલે જણાવ્યું હતું કે, 'અમારો ધ્યેય માત્ર દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપવાનો જ નથી, પરંતુ સર્જિકલ તાલીમમાં પણ ઉત્કૃષ્ટતા લાવવાનો છે. ખભાની જટિલ સર્જરીમાં સંપૂર્ણ ચોકસાઈ ખૂબ જરૂરી છે. યુવા સર્જનો ઓપરેશન થિયેટરમાં પ્રવેશતા પહેલા યોગ્ય એનાટોમિકલ પદ્ધતિઓ અને પ્રમાણિત તકનીકો શીખી શકે તે માટે આ વર્કશોપ યોજાયો હતો. આ સફળ આયોજન બદલ હું ઓર્થોપેડિક, એનેસ્થેસિયા અને સપોર્ટિંગ સ્ટાફની ટીમને અભિનંદન પાઠવું છું.'

સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ખાતે આવેલી ગવર્નમેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ એ એડવાન્સ સર્જિકલ કેર, ક્લિનિકલ રિસર્ચ અને નિરંતર તબીબી શિક્ષણ આપતી રાજ્યની અગ્રણી સરકારી સંસ્થા છે.



લીમપુર ગામે પૂજન અર્ચન.......... કડાણા તાલુકાના લીમપુર ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ પુણ્ય પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શ્રી હરસિધ્ધેશ્વર મહાદેવ ના મંદિરે યજમાન શ્રીઓ દ્વારા પૂજન કરાવવામાં આવે છે. ભૂદેવ શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત શ્રી ગણેશજી શ્રી હરસિધ્ધેશ્વર મહાદેવ તેમજ શ્રી પાર્વતી માતાજી નું પૂજન અર્ચન કરાવવામાં આવે છે. ભક્તો દ્વારા ગામમાં ભક્તિમય વાતાવરણ જોવા મળે છે. શ્રાવણ માસ દરમિયાન ભજન મંડળની બહેનો દ્વારા નિયમિત રીતે ભજન કીર્તન તેમજ ધાર્મિક સ્થળોએ પ્રવાસનું આયોજન પણ કરવામાં આવે છે. વર્ષ દરમિયાન ગામમાં પશુપાલન ક્ષેત્રે રક્ષણ, વ્યવસાયિક ક્ષેત્રે પ્રગતિ તેમજ સુખાકારી માટે હવન પણ કરવામાં આવે છે.........(ભરતભાઈ એ. પંડ્યા દીવડા કોલોની.)

# નકલી પોલીસ બની NRIને લૂંટનારી ગેંગનો ફરાર આરોપી દબોચાયો: 10 વર્ષથી મહારાષ્ટ્રમાં ખેડૂત બની છુપાયો હતો

**સુરત, તા.23**

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે 2016માં બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા ચકચારી હનીટ્રેપ અને લૂંટના ગુનામાં છેલ્લા 10 વર્ષથી વોન્ટેડ રહેલા આરોપી પ્રવિણ રમેશભાઈ રાઠોડ (ઉ.વ. 36)ને મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના ચાલીસગાંવ તાલુકાના વિસાપુર ગામેથી ઝડપી પાડ્યો છે. લાંબા સમયથી ગંભીર ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી ટેકનિકલ માહિતી અને બાતમીદારોના આધારે આ સફળતા મળી છે.




2016માં આરોપી પ્રવિણ રાઠોડ પલસાણા પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. તેણે તેના અન્ય સહઆરોપીઓ સાથે મળી એક એન.આર.આઈ. વ્યક્તિને હનીટ્રેપમાં ફસાવી લૂંટી લેવાનું ગુનાહિત ષડયંત્ર રચ્યું હતું. યોજના મુજબ, સહ મહિલા આરોપીઓએ ફરિયાદીને વાતોમાં ફોસલાવી મળવા બોલાવ્યા હતા અને તેમની સ્વિફ્ટ કારમાં બેસી બારડોલી-મહુવા રોડ પર ખેતરાડી વિસ્તારમાં લઈ ગઈ હતી. ત્યાં મહિલાઓએ ફરિયાદીને બળજબરીપૂર્વક આલિંગનમાં લેતાં જ પૂર્વયોજના મુજબ પ્રવિણ રાઠોડ અને અન્ય આરોપીઓ ત્યાં પહોંચી ગયા હતા.

તેઓએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી ફરિયાદીને પોલીસ સ્ટેશન લઈ જઈ બદનામ કરવાની અને બળાત્કારના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી 5 લાખની ખંડણી માગી હતી. ફરિયાદીએ ના પાડતાં આરોપીઓએ તેની સાથે મારપીટ કરી ખિસ્સામાંથી રોકડા 5,000 તથા 5,000નો સેમસંગ મોબાઈલ મળી કુલ 10,000ની મતા લૂંટી લીધી હતી.

ત્યારબાદ આરોપીઓ ફરિયાદીને તેમની જ કારમાં બળજબરીથી બારડોલી ICICI બેંક તરફ લઈ જતા હતા. દરમિયાન ફરિયાદીએ બૂમાબૂમ કરી સ્ટીયરિંગ ફેરવી દેતાં કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી અને ટાયર ફાટી ગયું હતું. લોકો ભેગા થઈ જવાના ડરે આરોપીઓ કાર મૂકીને નાસી છૂટ્યા હતા.

આ ઘટના બાદ આરોપી પ્રવિણ રાઠોડ પોતાના વતન મહારાષ્ટ્ર નાસી ગયો હતો અને પોલીસ પકડથી બચવા ત્યાં ખેતીકામ કરવા લાગ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે તેને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બારડોલી ટાઉન પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

# ગુજરાત સાયન્સ સિટીમાં ત્રિદિવસીય સ્પેસ ફેસ્ટિવલ-2026નો સમાપન સમારોહ સંપન્ન

### માત્ર પરીક્ષા પાસ કરવી એ સફળતા નથી, શીખવાની ટેવને જીવનનો હિસ્સો બનાવો: મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા

**અમદાવાદ, તા.23**

ગુજરાત સાયન્સ સિટી ખાતે 'રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે તા. 21 થી 23 ઓગસ્ટ દરમિયાન આયોજિત ત્રિદિવસીય સ્પેસ ફેસ્ટિવલ-2026નો સમાપન સમારોહ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ત્રણ દિવસ દરમિયાન હજારો મુલાકાતીઓએ અવકાશ આધારિત વિવિધ પ્રદર્શનો, વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનો લાભ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની વૈજ્ઞાનિક પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે જીવનમાં માત્ર પરીક્ષા પાસ કરવી એ સફળતાની નિશાની નથી. વિજ્ઞાન, કોમર્સ, આર્ટ્સ, સ્પોર્ટ્સ કે કલ્ચર કોઈપણ ક્ષેત્રમાં 'એક્સિલન્સ' હાંસલ કરવી એ સાચી સફળતા છે. વિદ્યાર્થીઓએ સતત શીખવાની અને નવી બાબતો જાણવાની ટેવ કેળવવી જોઈએ. ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. એ. પી.જે. અબ્દુલ કલામ, ડૉ. હોમી ભાભા અને ડૉ. સતીશ ધવન જેવા મહાન વૈજ્ઞાનિકોએ સતત શીખવાની વૃત્તિ અને સંશોધનના માધ્યમથી દેશને નવી દિશા આપી છે. આજના બદલાતા યુદ્ધના સ્વરૂપનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અગાઉ યુદ્ધો પરંપરાગત હથિયારો અને સૈનિકો દ્વારા લડાતા હતા, જ્યારે આજના સમયમાં સાયબર સિક્યોરિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડ્રોન અને અદ્યતન ટેકનોલોજીનું મહત્વ વધ્યું છે. તેથી નવી પેઢીએ ટેકનોલોજીના ક્ષેત્રમાં નિપુણતા મેળવી દેશની સુરક્ષા અને વિકાસમાં યોગદાન આપવા તૈયાર થવું પડશે. તેમણે સાયબર સિક્યોરિટી સહિતના ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



મંત્રીશ્રીએ ગુજરાતની વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ડૉ. વિક્રમ સારાભાઈના યોગદાનથી અમદાવાદ દેશના અવકાશ સંશોધનના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વિકસ્યું છે. આજે સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર અને સિસ્મોલોજિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ જેવી રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની સંસ્થાઓ ગુજરાતમાં કાર્યરત છે. ગુજરાત સાયન્સ સિટી ઉપરાંત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર અને પ્રાદેશિક કક્ષાએ રીજનલ સાયન્સ સેન્ટર વિકસાવવામાં આવ્યા છે, જેના માધ્યમથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસા અને સંશોધનની ભાવના કેળવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ ટેકનોલોજી અને સ્પેસ ટેકનોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોમાં ગુજરાત યુવાનો માટે વિશાળ તકોનું સર્જન કરી રહ્યું છે. ગુજરાતમાં સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રે યુવા સ્ટાર્ટઅપ્સ પણ નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. આગામી સમયમાં અવકાશ ક્ષેત્ર વૈશ્વિક અર્થતંત્રનું મહત્વપૂર્ણ ક્ષેત્ર બનવાનું છે ત્યારે ગુજરાતના યુવાનો આ ક્ષેત્રમાં નવી તકોનું સર્જન કરી શકે છે. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે 2047નું વિકસિત ભારત આજના વિદ્યાર્થીઓનું ભારત હશે. આજની યુવા પેઢીએ જ્ઞાન, વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાના માધ્યમથી આત્મનિર્ભર, સુરક્ષિત અને વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપવાનું છે.

# એન્ડરસનને પછાડી મિચેલ સ્ટાર્કે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ: બાંગ્લાદેશ ઘૂંટણિયે, માત્ર 64 રનમાં ઓલઆઉટ....



**નવી દિલ્હી, તા.23**

ઓસ્ટ્રેલિયાના ડાબોડી સ્ટાર ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં એક મોટો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. બાંગ્લાદેશ સામે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં સ્ટાર્કે ટેસ્ટ મેચની પ્રથમ ઓવરમાં સૌથી વધુ વિકેટ ઝડપવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેણે ઈંગ્લેન્ડના દિગ્ગજ ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનને પાછળ છોડીને આ સિદ્ધિ હાંસલ કરી છે.

ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ વચ્ચેની બીજી ટેસ્ટ પહેલાં ટેસ્ટ મેચના પ્રથમ બોલ અથવા પ્રથમ ઓવરમાં સૌથી વધુ વિકેટ ઝડપવાના મામલે મિચેલ સ્ટાર્ક અને જેમ્સ એન્ડરસન 8-8 વિકેટ સાથે બરાબરી પર હતા. જોકે, બાંગ્લાદેશ સામે મેચના પહેલા જ બોલ પર ઓપનર શાદમાન ઈસ્લામને પ્લેટિનમ ડક (0) પર આઉટ કરીને સ્ટાર્કે 9મી વખત આ કારનામું કર્યું અને એક નવો ઈતિહાસ રચી દીધો.

ટેસ્ટ મેચની પ્રથમ ઓવરમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર્સ: મિચેલ સ્ટાર્ક: 9 વિકેટ, જેમ્સ એન્ડરસન: 8 વિકેટ, રે લિન્ડવોલ: 7 વિકેટ, રિચર્ડ હેડલી: 7 વિકેટ, કપિલ દેવ: 7 વિકેટ, 42 મિનિટ અને 22 બોલમાં 5 વિકેટ ઝડપી બાંગ્લાદેશને ધ્વસ્ત કર્યું.

મિચેલ સ્ટાર્કની ઘાતક બોલિંગ સામે બાંગ્લાદેશની આખી ટીમ પ્રથમ દાવમાં માત્ર 64 રનના સ્કોર પર જ ઢગલો થઈ ગઈ હતી. સ્ટાર્કે પ્રથમ ઓવરમાં શાદમાન ઈસ્લામને આઉટ કર્યા બાદ પોતાની બીજી ઓવરમાં બેક-ટુ-બેક બે બોલમાં બે વિકેટ ઝડપી હતી. તેણે પાછલી મેચના સેન્ચુરિયન તંજીદ હસનને 0 પર અને ત્યારબાદ કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોને ગોલ્ડન ડક (0) પર પેવેલિયન ભેગો કર્યો હતો.

ત્યારબાદ ઈનિંગ્સની 5મી ઓવરમાં મોમિનુલ હક (9 રન) અને 7મી ઓવરમાં લિટન દાસ (0)ને આઉટ કરીને સ્ટાર્કે માત્ર 42 મિનિટ અને 22 બોલમાં પોતાની 5 વિકેટ હોલ પૂર્ણ કરી લીધી હતી. બાંગ્લાદેશના ટોપ-5 બેટ્સમેનોમાંથી 4 બેટ્સમેન ખાતું ખોલાવ્યા વિના જ શૂન્ય રને આઉટ થઈ ગયા હતા.

મિચેલ સ્ટાર્કે આ ઈનિંગ્સમાં કુલ 10 ઓવર બોલિંગ કરી હતી, જેમાં 6 મેડન ઓવર નાખીને માત્ર 12 રન આપી 6 મહત્ત્વપૂર્ણ વિકેટ પોતાના નામે કરી હતી. ઈનિંગ્સની છેલ્લી વિકેટ તેણે શોરીફુલ ઈસ્લામના રૂપમાં લીધી હતી. સ્ટાર્ક ઉપરાંત કેપ્ટન પેટ કમિન્સે 3 વિકેટ અને જોશ હેઝલવુડે 1 વિકેટ ઝડપી હતી.

# રિંગમાં વાપસી કરે તે પહેલા જ વર્લ્ડ ચેમ્પિયન બોક્સરની ગોળી મારીને હત્યા, બોક્સિંગ જગતમાં શોકનું મોજું

**નવી દિલ્હી, તા.23**

બોક્સિંગ જગતમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. દક્ષિણ આફ્રિકાના પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન બોક્સર જોલાની ટેટે (Zolani Tete) ની તેમના ઘરની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. 38 વર્ષીય ટેટે પર આ જીવલેણ હુમલો ત્યારે થયો, જ્યારે તેઓ પોતાની કારમાં બેઠા હતા. આ ઘટનાથી સમગ્ર દક્ષિણ આફ્રિકા અને રમતગમત જગતમાં સન્નાટો વ્યાપી ગયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ઈસ્ટર્ન કેપના મડાંતસાને વિસ્તારની છે. જોલાની ટેટે પોતાની કારથી ઘરે પહોંચ્યા હતા, અને ગેટ ખુલવાની રાહ જોઈ રહ્યા હતા. તે સમયે જ મોં પર નકાબ પહેરેલા બે સશસ્ત્ર બદમાશો તેમની કાર પાસે પહોંચ્યા હતા, અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. ગોળીઓથી વિંધાઈ ગયેલા ટેટેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. કારમાં તેમની સાથે એક 27 વર્ષીય મહિલા પણ હાજર હતી, જે



આ હુમલામાં ગંભીર રીતે ઘવાયી છે, અને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. હુમલાખોરો ગુનો આચરીને ફરાર થઈ ગયા છે, અને પોલીસે મામલાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. બોક્સિંગ રિંગમાં પ્રેમથી 'લાસ્ટ બોર્ન' તરીકે ઓળખાતા જોલાની ટેટેની કારકિર્દી ઘણી શાનદાર રહી હતી. તેમણે વર્ષ 2007 થી 2008 સુધી WBF ફ્લાયવેટ વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું. તે પછી પણ તેમનો દબદબો કાયમ રહ્યો, અને તેમણે 2017 તથા 2019 માં WBO બેન્ટમવેટનો તાજ પણ પહેર્યો હતો.

ટેટેના નામે વર્લ્ડ ટાઈટલ ફાઈટના ઈતિહાસમાં સૌથી ઝડપી નોકઆઉટનો ઐતિહાસિક રેકોર્ડ નોંધાયેલો છે. વર્ષ 2017માં તેમણે એક મુકાબલામાં ઈતિહાસ રચતા પોતાના જ દેશના બોક્સર સિબોનિસો ગોન્યાને માત્ર 11 સેકન્ડમાં નોકઆઉટ કરી દીધો હતો. જોકે, તેમની કારકિર્દીમાં એક ખરાબ તબક્કો પણ આવ્યો, જ્યારે વર્ષ 2022માં ડોપિંગના કારણે તેમના પર ચાર વર્ષનો પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ 29 જુલાઈ 2026ના રોજ પૂર્ણ થયો હતો.

# BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026: ત્રિશા-ગાયત્રીએ બ્રોન્ઝ મેડલ જીતી રચ્યો ઈતિહાસ, 15 વર્ષનો દુકાળ ખતમ!

**નવી દિલ્હી, તા.23**

BWF એટલે કે વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2026માં ભારતની ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ જોડીએ ભારત માટે મેડલ જીતીને મહિલા ડબલ્સમાં 15 વર્ષનો લાંબો દુષ્કાળ ખતમ કરવાનું કામ કર્યું છે.

નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં રમાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપની મહિલા ડબલ્સની સેમિફાઈનલમાં ભારતીય જોડીનો મુકાબલો વર્લ્ડ નંબર-1 અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીનની લિયુ શેંગશુ અને ટેન નિંગની જોડી સામે હતો. 1 કલાક 11 મિનિટ સુધી ચાલેલી આ રોમાંચક મેચમાં ત્રીસા-ગાયત્રીનો 21-18, 13-21, 8-21 થી પરાજય થયો હતો. સેમિફાઈનલમાં હાર છતાં, તેમણે



બ્રોન્ઝ મેડલ (કાંસ્ય ચંદ્રક) પોતાના નામે કર્યો છે.

જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પા પછી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીતનારી ત્રીસા-ગાયત્રી ભારતની માત્ર બીજી મહિલા ડબલ્સ જોડી બની ગઈ છે. આ અગાઉ વર્ષ 2011ની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાની જોડીએ બ્રોન્ઝ મેડલ જીતીને આ કમાલ કર્યો હતો. ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ 2026 ની એશિયન ગેમ્સ માટેની ભારતીય બેડમિન્ટન ટીમનો પણ મહત્વનો હિસ્સો છે.

# કોણ છે સારાંશ જૈન? જેણે 33 વર્ષની ઉંમરે ભારતીય ટેસ્ટ ટીમમાં ડેબ્યૂ કરી ઈતિહાસ રચ્યો

**નવી દિલ્હી, તા.23**

શ્રીલંકા સામે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં ભારત તરફથી 33 વર્ષીય ઓલરાઉન્ડર સારાંશ જૈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું છે. ટોસ પહેલાં અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ તેમને ભારતની ટેસ્ટ કેપ એનાયત કરી હતી. 33 વર્ષ કે તેથી વધુ ઉંમરે ભારતીય ટેસ્ટ ટીમમાં ડેબ્યૂ કરનાર સારાંશ દેશના બીજા ખેલાડી બન્યા છે. આ અગાઉ વર્ષ 1998માં રોબિન સિંહે 33 વર્ષની ઉંમરે ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ઈજાગ્રસ્ત વોશિંગ્ટન સુંદરના સ્થાને સારાંશને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

સારાંશ જૈન જમણેરી ઓફ-સ્પિનર છે અને ડાબોડી બેટર છે. નીચલા ક્રમમાં ટીમ માટે બેટિંગ અને બોલિંગ બંનેમાં શાનદાર સંતુલન જાળવવાની ક્ષમતા ધરાવે છે. મધ્યપ્રદેશ તરફથી રમતા



સારાંશે 54 ફર્સ્ટ ક્લાસ મેચોમાં 31.75ની સરેરાશથી 2223 રન બનાવ્યા છે અને બોલિંગમાં 27.30ની સરેરાશથી 188 વિકેટો ઝડપી છે. સારાંશ જૈન દિગ્ગજ ખેલાડી રવિચંદ્રન અશ્વિનને પોતાના સૌથી મોટા રોલ મોડેલ માને છે અને તેમની પાસેથી પ્રેરણા મેળવે છે.

ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર સુબોધ જૈનના પુત્ર સારાંશ જૈને વર્ષ 2014માં રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું. વર્ષ 2022ની રણજી ટ્રોફીમાં મધ્યપ્રદેશ માટે નોકઆઉટ રાઉન્ડમાં 13 વિકેટ અને હાફ સેન્ચુરી ફટકારીને ટીમને પ્રથમવાર ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તાજેતરના રણજી સીઝનમાં તેમણે 57.55ની સરેરાશથી 518 રન બનાવ્યા અને 20.43ની સરેરાશથી 30 વિકેટ લીધી હતી. આ ઉપરાંત દુલીપ ટ્રોફીમાં સેન્ટ્રલ ઝોન તરફથી રમતા તેમણે 16 વિકેટ અને 2 અર્ધશતક ફટકારી પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો હતો.

વોશિંગ્ટન સુંદર હેમસ્ટ્રિંગની ઈજાના કારણે પસંદગી માટે ઉપલબ્ધ નહોતા. વળી, શ્રીલંકાની ટીમમાં ડાબોડી બેટ્સમેનોની સંખ્યા વધુ હોવાથી પસંદગીકારો ટીમમાં એક ગુણવત્તાયુક્ત ઓફ-સ્પિનર ઈચ્છતા હતા. સારાંશ જૈન તાજેતરમાં ભારત એ ટીમ સાથે શ્રીલંકાના પ્રવાસે ગયા હતા, જ્યાં બીજી મેચમાં તેમણે અણનમ 70 રન બનાવ્યા હતા અને 6 વિકેટ ઝડપીને પોતાનો દાવો મજબૂત કર્યો હતો. શ્રીલંકાની સ્પિન ફ્રેન્ડલી પિચો અને વિરોધી ટીમના ડાબોડી બેટ્સમેનો સામે સારાંશ જૈન ટીમ ઈન્ડિયા માટે ટ્રમ્પ કાર્ડ સાબિત થઈ શકે છે.

# બોલિવૂડમાં નવો વિવાદ: હવે તાપસી પન્નુ પર ભડકી કંગના, ઈન્સ્ટાગ્રામ પર માતા-પિતા સુધી પહોંચી ગઈ વાત!

**મુંબઈ, તા.23**

બૉલીવુડમાં અભિનેત્રી અને સાંસદ કંગના તેમજ તાપસી પન્નુ વચ્ચેનો જૂનો વિવાદ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. તાપસી પન્નુએ તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે વર્ષોથી ચાલી રહેલી જાહેરમાં ખેંચતાણ છતાં તે ક્યારેય અંગત રીતે કંગનાને મળી નથી. આ સાથે જ તાપસીએ 'સંસ્કાર'નો ઉલ્લેખ કરતાં કંગના રણૌતે સોશિયલ મીડિયા પર અત્યંત આકરા શબ્દોમાં વળતો પ્રહાર કર્યો છે અને ફરી એકવાર 'સસ્તી કૉપી' વાળો જૂનો વિવાદ જીવંત બન્યો છે.

તાપસીની ટિપ્પણીઓ સામે આવ્યા બાદ કંગના રણૌતે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ગુસ્સો વ્યક્ત કરતા લખ્યું હતું:

એક સસ્તી કૉપી તેની આગામી B-ગ્રેડ ફિલ્મ સાથે બહાર આવી ગઈ છે, પરંતુ હંમેશની જેમ મીડિયા માટે હેડલાઈન બનાવવાનો એકમાત્ર પોઈન્ટ કંગના રણૌત જ છે. આજે તેણે બેશરમીથી મારા સંસ્કાર અને માતા-પિતાની મજાક ઉડાવીને તમામ હદો વટાવી દીધી છે. મને લાગે છે કે તમામ માતા-પિતા તેમનાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરે છે અને હું ક્યારેય કોઈના માતા-પિતાને કોઈ વિવાદમાં વચ્ચે લાવતી નથી. પરંતુ આજે હું પણ તેના માતા-પિતાને પૂછવા માગું છું કે મારા માતા-પિતાની જેમ તેઓ કોઈ ઓરિજિનલ સંતાનને જન્મ કેમ ન આપી શક્યા? શા માટે એક સસ્તી કૉપી? તમારા પ્રયાસો માટે દયા આવે છે.

એક ઈન્ટરવ્યુમાં તાપસીને પૂછવામાં આવ્યું કે શું તેણે અને કંગનાએ જૂના મતભેદો ઉકેલી લીધા છે? ત્યારે તાપસીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું:

હું તેને મળી નથી. જ્યારે આ કહેવાતા મુદ્દાઓ શરૂ થયા ત્યારે પણ હું તેને નહોતી મળી અને અત્યારે પણ હું તેને મળી નથી. તેના વિશેનો મારો અભિપ્રાય મારા સંસ્કાર, મારી વાત કરવાની રીત અને બાબતોને સમજવાના મારા દ્રષ્ટિકોણને દર્શાવે છે અને તેનો અભિપ્રાય તેના દ્રષ્ટિકોણને. તે તેના વિચારો પર અડગ છે. તેથી મને લાગે છે કે લોકો માટે એ જોઈને નક્કી કરવા માટે પૂરતું છે કે કોણ ક્યાંથી આવે છે.





વર્ષ 2019માં જ્યારે તાપસીએ ફિલ્મ 'જજમેન્ટલ હૈ ક્યા'ના ટ્રેલરના વખાણ કર્યા હતા, પરંતુ તેમાં કંગનાનું નામ નહોતું લીધું, ત્યારે કંગનાની બહેન રંગોલી ચંદેલે તાપસી પર કંગનાની નકલ કરવાનો આરોપ લગાવી તેને 'સસ્તી કૉપી' કહી હતી.

તે સમયે તાપસીએ જણાવ્યું હતું કે તે કાદવ ઉછાળવાની રમતમાં પડવા માંગતી નથી.

ત્યારબાદ વર્ષ 2020માં નેપોટિઝમ અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આઉટસાઈડર્સ સાથે થતા વર્તનની ચર્ચા દરમિયાન કંગનાએ તાપસી પન્નુ અને સ્વરા ભાસ્કરને 'B-ગ્રેડ અભિનેત્રીઓ' તેમજ 'ગરજવાન આઉટસાઈડર્સ' કહ્યા હતા.

તાપસીએ તે સમયે જવાબ આપ્યો હતો કે આઉટસાઈડર્સે એકબીજાની સામે લડવું ન જોઈએ અને મૂળ મુદ્દો ઈન્ડસ્ટ્રીમાં વધુ સારી સિસ્ટમ ઊભી કરવાનો છે.

આ જ ઈન્ટરવ્યુમાં જ્યારે તાપસીને રાજકારણમાં જોડાવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે જણાવ્યું હતું:

હું આ ક્ષેત્ર માટે ખૂબ જ પ્રામાણિક અને સંવેદનશીલ છું. ઉપરાંત, હું હજુ થોડી વધુ ફિલ્મો કરવા માંગુ છું. હું રાજકારણમાં જોડાવા અંગે બિલકુલ વિચારતી નથી અને મારામાં તે પ્રકારનું DNA પણ નથી.

તાપસીએ ઉમેર્યું હતું કે રાજકીય મુદ્દાઓમાં તેનો રસ એક શિક્ષિત નાગરિક તરીકે બોલવા પૂરતો છે, કોઈ રાજકીય દ્રષ્ટિકોણથી નહીં.

# ગાયક શાને બાન્દ્રામાં ટાવરમાં રૂ.48 કરોડમાં અઢારમો માળ ખરીદ્યો





**મુંબઈ, તા.23**

બોલીવૂડના વિખ્યાત ગાયક શાન એટલે કે શાંતનું મુકર્જી અને તેમની પત્ની રાધિકા મુકર્જીએ બાન્દ્રા પશ્ચિમમાં એક વૈભવી ઘર ૨૦ ઓગસ્ટે ખરીદ્યું છે.

દંપતીએ ૬૩૦૦ ચોરસ ફૂટના ઘરના ૪૮ કરોડ રૂપિયા ચૂકવ્યા છે.

આ ઘરમાં ત્રણ એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે જે અઢારમા માળથી દોઢ માળમાં ફેલાયેલાં છે. શાનના પિતા સંગીતકાર માનસ મુકર્જી પણ બાન્દ્રામાં રહેતાં હતા.

બાન્દ્રા પશ્ચિમમાં સેંટ માર્ટિન રોડના જંકશન પાસે આઠ ટર્નર રોડ પર જ્યાં એક જમાનામાં માલાસિંહાનો બંગલો આવેલો હતો ત્યાં આ ટાવર બની રહ્યો છે. આ રિડેવલપમેન્ટમાં બાવીસ માળનો ટાવર બનાવવામાં આવી રહ્યો છે જેમાં માત્ર ૩૨ રેસિડેન્સ ફાળવવામાં આવશે.

આ વૈભવી ટાવરમાં રહેવાસીઓને ટાવરની ટોચે ઈન્ફિનિટી પુલ, સ્કાય ડેક, જિમ, યોગ સ્ટુડિયો, મેડિટેશન રૂમ, સ્પા, સલોન વેનિટી રૂમ, બિઝનેસ મિટિંગ રૂમ, બેન્કવેટ હોલ, ગેમ રૂમ, લાયબ્રેરી અને કાર્ડરૂમ જેવી સુવિધાઓ મળશે.

# ડેન્ગ્યુનો શિકાર બનેલી પૂનમ ધિલ્લોન હોસ્પિટલમાં સારવાર મેળવી રહી છે

**મુંબઈ, તા.23**

ટીવી એક્ટ્રેસ અવિકા ગોર, શ્વેતા તિવારી બાદ હવે ધ સિને એન્ડ ટીવી આર્ટિસ્ટસ એસોસિએશન-સિન્ટાની પ્રમુખ પૂનમ ધિલ્લોન પણ ડેન્ગ્યૂનો શિકાર બની છે. પૂનમ ધિલ્લોન હાલ બાન્દ્રામાં એક જાણીતી હોસ્પિટલમાં ડેન્ગ્યૂની સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

છેલ્લા થોડા દિવસોથી પૂનમ ધિલ્લોન ડેન્ગ્યૂની સારવાર હેઠળ છે અને તેને ટૂંક સમયમાં રજા આપવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.



તાજેતરમાં સિન્ટાની કમિટીના સભ્યોએ સામૂહિક રાજીનામાં આપી દેતાં મોટો વિવાદ થયો હતો. ઉપાસનાસિંહે આક્ષેપ કર્યો હતો કે જે પૂનમ ધિલ્લોન સાથે અસંમત થાય તેને શો કોઝ નોટીસો ફટકારવામાં આવે છે.

૧૯૭૯માં આવેલી ફિલ્મ નૂરીથી પૂનમ ધિલ્લોન હિન્દી ફિલ્મોમાં હિરોઈન તરીકે સ્થાપિત થઈ હતી. તેની જાણીતી ફિલ્મોમાં રેડ રોઝ, સોહની મહિવાલ, સવેરેવાલી ગાડી, નામ, દર્દ, એક ચાદર મૈલી સી અને માલામાલનો સમાવેશ થાય છે.

# 'બે રાત માટે મોરિશિયસ ફરવા આવશો?...' મિર્ઝાપુરની અભિનેત્રી સાથે કરાઈ ગંદી ડિમાન્ડ

**મુંબઈ, તા.23**

લોકપ્રિય વેબ સીરિઝ 'મિર્ઝાપુર'માં ઝરીનાનું પાત્ર ભજવીને ઘર-ઘરમાં જાણીતી બનેલી અભિનેત્રી અનંગ્શા બિસ્વાસે તાજેતરમાં પોતાના જીવન સાથે જોડાયેલા એક કડવા અનુભવનો ખુલાસો કર્યો છે. એક ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું કે 'મિર્ઝાપુર' સિઝન 1 ના પ્રસારણ પછી તેને ખૂબ જ અજીબ અને આઘાતજનક મેઈલ તેમજ કોમેન્ટ્સ મળવાના શરૂ થયા હતા. લોકોએ તેની ઓન-સ્ક્રીન બોલ્ડ ઈમેજ જોઈને રિયલ લાઈફમાં પણ તેના વિશે ખોટી ધારણાઓ બાંધી લેવામા આવી હતી. જેના કારણે તેને સોશિયલ મીડિયા પર માનસિક ત્રાસ આપતી ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો હતો.

પોતાની આપવીતી સંભળાવતા અનંગ્શાએ કહ્યું કે, 'રિયલ લાઈફમાં હું ઝરીના જેવી બિલકુલ નથી. પરંતુ સીરિઝ જોયા પછી લોકોને લાગ્યું કે તેઓ મને ખરીદી શકે છે. મને સોશિયલ મીડિયા પર સતત એવા મેસેજ આવતા હતા કે 'તમે એક રાતના કેટલા લેશો?' અથવા 'અમારી સાથે 2 દિવસ માટે મોરિશિયસ ફરવા આવો'.'

તેણે કહ્યું કે, તેનું ઈનબોક્સ આવા ગંદા મેસેજોથી ભરાઈ ગયું હતું. લોકોની આવી નકારાત્મક માનસિકતા જોઈને તે શરૂઆતમાં ખૂબ જ ગભરાઈ ગઈ હતી અને ભારે તણાવમાં આવી ગઈ હતી.

અનંગ્શાએ સ્પષ્ટતા કરતા કહ્યું કે, લોકોએ સમજવું જોઈએ કે કલાકાર પડદા પર જે પાત્ર ભજવે છે તે તેનું વાસ્તવિક વ્યક્તિત્વ નથી હોતું. તેણે કહ્યું, 'મારા માટે મારું કામ સરસ્વતી સમાન પૂજનીય છે. મેં મારું પાત્ર સારી રીતે ભજવ્યું એટલે લોકોએ માની લીધું કે હું ખરેખર એવી જ છું. જો લોકો થોડા સંવેદનશીલ બને તો તેઓ મારી કલાની કદર કરી શકશે.' તેણે ઉમેર્યું કે લોકોની ખોટી વિચારસરણી બદલાય તે હેતુથી જ તેણે આ મુદ્દે ખુલીને વાત કરવાનો નિર્ણય લીધો છે.



# પગારમાંથી PF કપાતો હોય, તો મફતમાં મળશે ₹7 લાખનો વીમો: એક રૂપિયાનું પણ પ્રીમિયમ નહીં ભરવું પડે

**નવી દિલ્હી, તા.23**

એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (EPFO) દ્વારા પોતાના કરોડો ખાતાધારકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ફાયદાકારક વીમા યોજના ચલાવવામાં આવે છે, જે અંતર્ગત જો તમારા પગારમાંથી દર મહિને પીએફ કપાતો હોય તો તમને એક પણ વધારાનો રૂપિયો ખર્ચ કર્યા વિના 7,00,000 સુધીનું મફત લાઈફ ઈન્સ્યોરન્સ કવર પૂરું પાડવામાં આવે છે. આ ખાસ સુવિધા એમપ્લોઈઝ ડિપોઝિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ (EDLI) સ્કીમ હેઠળ આપવામાં આવે છે. આ યોજનાનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ એ છે કે આ વીમા કવરેજ મેળવવા માટે કર્મચારીએ શૂન્ય પ્રીમિયમ ચૂકવવું પડે છે, એટલે કે તેમના ખિસ્સામાંથી કે પગારમાંથી એક પણ પૈસો કપાતો નથી.




ઈડીએલઆઈ (EDLI) યોજનાની શરૂઆત વર્ષ 1976 માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય પી.એફ. ખાતાધારકો અને તેમના પરિવારોને એક મજબૂત સામાજિક અને નાણાકીય સુરક્ષા છત્ર પૂરું પાડવાનો છે. કર્મચારી માટે આ ઈન્સ્યોરન્સ કવરેજ સંપૂર્ણપણે મફત હોય છે કારણ કે તેનું સંપૂર્ણ પ્રીમિયમ નોકરીદાતા એટલે કે જે-તે કંપની દ્વારા જ ચૂકવવામાં આવે છે. નિયમ મુજબ કંપની પોતાના કર્મચારીના બેઝિક પગાર અને મોંઘવારી ભથ્થા (DA) ના 0.50% જેટલો હિસ્સો આ વીમા યોજનામાં દર મહિને જમા કરાવે છે.

આ સ્કીમની જોગવાઈઓ મુજબ, જો કોઈ પી.એફ. સભ્યનું નોકરી દરમિયાન અકાળે અવસાન થાય છે, તો તેના દ્વારા નામાંકિત કરવામાં આવેલા નોમિની અથવા કાનૂની વારસદારને ઓછામાં ઓછા 2.50 લાખ અને વધુમાં વધુ 7 લાખ સુધીની વીમા રકમ એકસાથે ચૂકવવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે કર્મચારીએ પોતાના મૃત્યુના બરાબર પહેલા સતત 12 મહિના સુધી નોકરી કરેલી હોવી જરૂરી છે. આ 12 મહિનાના સમયગાળા દરમિયાન જો કર્મચારીએ કંપની કે નોકરી બદલી હોય, તો પણ જો પીએફ એકાઉન્ટ સતત સક્રિય રહ્યું હોય તો તે આ લાભ મેળવવાનો પૂર્ણ હકદાર બને છે. જોકે, આ આર્થિક સહાય માત્ર ને માત્ર ત્યારે જ મળે છે જ્યારે કર્મચારીનું મૃત્યુ તે સર્વિસમાં હોય અથવા નોકરી પર હોય તે સમયગાળા દરમિયાન થયું હોય.

કોઈપણ ઈમરજન્સી કે અપ્રિય ઘટનાના કિસ્સામાં મૃતક કર્મચારીના નોમિની આ રકમ મેળવવા માટે સરળતાથી ક્લેમ કરી શકે છે. આ માટે તેમણે પી.એફ. કમિશનરની સ્થાનિક ઓફિસમાં જઈને 'ફોર્મ 5 આઈએફ' (Form 5 IF) ભરીને સબમિટ કરવાનું હોય છે. આ ફોર્મની સાથે કર્મચારીનું સત્તાવાર મૃત્યુ પ્રમાણપત્ર (Death Certificate), ઉત્તરાધિકાર પ્રમાણપત્ર (Succession Certificate) અને નોમિનીના બેંક ખાતાની તમામ વિગતો સાથેના દસ્તાવેજો જોડવાના રહે છે. ઈપીએફઓ ના સત્તાવાર નિર્દેશો મુજબ, તમામ જરૂરી અને સાચા દસ્તાવેજો ઓફિસે જમા થયા પછી સામાન્ય રીતે 20 થી 30 દિવસની સમયમર્યાદાની અંદર જ ઈડીએલઆઈ ક્લેમની રકમનો નિકાલ કરીને નાણાં બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવે છે.

ઈપીએફઓ પોતાના તમામ ખાતાધારકોને ખાસ સલાહ આપે છે કે તેઓ સમયસર પોતાના યુએન (UAN) પોર્ટલ પર લોગિન કરીને ઈ-નોમિનેશન (e-Nomination) ની પ્રક્રિયા ચોક્કસપણે પૂરી કરી લે. જો નોમિનેશન પોર્ટલ પર અપડેટ રહેશે તો પરિવારને આકસ્મિક સંજોગોમાં ક્લેમની રકમ મેળવવામાં કોઈ તકલીફ પડતી નથી અને સરકારી કચેરીઓના ચક્કર કાપવામાંથી મુક્તિ મળે છે. આ ઉપરાંત, કેટલીક કંપનીઓ પાસે ઈડીએલઆઈ યોજનાના સ્થાને કોઈ ખાનગી વીમા કંપનીની ગ્રુપ ઈન્સ્યોરન્સ (Group Insurance) પોલિસી પસંદ કરવાનો વિકલ્પ પણ હોય છે. જો કોઈ કંપની ઈડીએલઆઈ સ્કીમમાંથી છૂટ મેળવે છે, તો તેણે પોતાના કર્મચારીઓને એવી વૈકલ્પિક વીમા સુવિધા આપવી પડે છે જેનો આર્થિક લાભ ઈડીએલઆઈ યોજના હેઠળ મળતા લાભ જેટલો અથવા તેનાથી પણ વધુ હોય. તેથી દરેક કર્મચારીએ પોતાના એચઆર (HR) વિભાગ પાસેથી આ અંગેની સ્પષ્ટ માહિતી મેળવી લેવી જોઈએ કે તેમની કંપની ઈડીએલઆઈ યોજનામાં સામેલ છે કે પછી અન્ય કોઈ ગ્રુપ વીમા વ્યવસ્થાનો ઉપયોગ કરી રહી છે.

# વિદેશી ડિપોઝિટ વિન્ડો બંધ થતાં બેંકોનો ફંડિંગ ખર્ચમાં થયેલો વધારો

- **થોડા સમયના અંતરાલ પછી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ઈશ્યુઅન્સમાં વધારો થશે**




**અમદાવાદ, તા.23**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વિદેશી ડિપોઝિટ સુવિધા વહેલી બંધ કરવાની જાહેરાત બાદ બેંકો માટે અલ્પકાલીન ધિરાણ ખર્ચ (શોર્ટ-ટર્મ બોરોઈંગ કોસ્ટ) એક મહિનામાં સૌથી વધુ વધ્યો છે. આ નિર્ણયથી બેંકો પાસેથી સસ્તું અને સ્થિર ભંડોળ મેળવવાનો સ્ત્રોત છીનવાઈ ગયો છે.

ડેટા અનુસાર, ગુરુવારે ત્રણ મહિનાના સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી) ના દરો ૧૬ બેસિસ પોઈન્ટ વાધીને ૬.૫૯% થયા હતા, જે ૧૪ જુલાઈ પછીનો સૌથી મોટો વાધારો છે. છ મહિનાનો દર ૧૦ જુલાઈ પછીના સૌથી મોટા સાપ્તાહિક વાધારા તરફ આગળ વાધી રહ્યો છે. સટફિકેટ ઓફ ડિપોઝિટ એવા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ છે જે એક વર્ષની અંદર પાકે છે.

આ સુવિધા હેઠળ ૫૦ બિલિયન ડોલરથી વાધુનું ભંડોળ આકર્ષિત થયા બાદ, રિઝર્વ બેંક એ ગયા અઠવાડિયે ૩૧ ઓગસ્ટે બિન-નિવાસી ભારતીયો/વિદેશીઓ માટેની વિશેષ ડાલર ડિપોઝિટ વિન્ડો બંધ કરવાની જાહેરાત કરીને બજારોને આંચકો આપ્યો હતો. ધિરાણકર્તાઓ આ ડિપોઝિટનો ઉપયોગ લોનની મજબૂત વૃદ્ધિને ફંડ કરવા અને વધુ મોંઘી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ને બદલવા માટે કરી રહ્યા હતા.

જાણકારોએ જણાવ્યું હતું કે, મની-માર્કેટના દરો સ્થિર થતાં પહેલાં વધુ ૫ બેસિસ પોઈન્ટ વાધી શકે છે. એવી અપેક્ષા રાખીએ છે કે થોડા સમયના અંતરાલ પછી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ઈશ્યુઅન્સમાં વધારો થશે.

વિદેશી ડિપોઝિટના મજબૂત પ્રવાહને કારણે સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ઈશ્યુઅન્સમાં ઘટાડો થયો હતો. ડેટા મુજબ, ૩૧ જુલાઈના રોજ પૂરા થયેલા પખવાડિયામાં બેંકોએ રૂ. ૫૭,૧૨૦ કરોડનું શોર્ટ-ટર્મ ડેટ વેચ્યું હતું, જે જૂનના પ્રથમ ૧૫ દિવસમાં આશરે રૂ. ૧ લાખ કરોડ હતું.

ઘરેલુ બેંકો લોનની માંગ પૂરી કરવા માટે સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ પર નિર્ભર રહી છે કારણ કે ટર્મ ડિપોઝિટ તે ગતિ જાળવી શકી નથી, કેમ કે પરિવારો તેમની બચત અન્ય રોકાણો તરફ વાળી રહ્યા છે. રિઝર્વ બેંક ના ડેટા દર્શાવે છે કે, ૩૧ જુલાઈ સુધીના વર્ષ દરમિયાન બેંક લોનમાં ૧૯.૩% નો વધારો થયો છે (જે મે ૨૦૨૪ પછીનો સૌથી વધુ છે), જેની સામે ડિપોઝિટમાં ૧૫.૪% વૃદ્ધિ નોંધાઈ હતી.

સેન્ટ્રલ બેંકે ૫ જૂને જાહેરાત કરી હતી કે તે ફોરેન કરન્સી ડિપોઝિટ્સ પર હેજિંગનો તમામ ખર્ચ પોતે ઉઠાવશે, જેનાથી બેંકો આવી બચત પર આકર્ષક વ્યાજ દરો આપી શકે. આ સ્પેશિયલ વિન્ડો ૮ જૂનથી કાર્યરત થઈ હતી.

# ડેરિવેટિવ્સમાં પ્રોપ્રાઈટરી ટ્રેડરો કમાયા, રોકાણકારોને નુકસાન

- **ડેરિવેટિવ્ઝમાં પ્રોપ્રાઈટરી ટ્રેડર્સે રૂ. ૪૪,૪૮૩ કરોડ કમાયા, રિટેલ રોકાણકારોને રૂ. ૯૧,૬૮૫ કરોડનું નુકસાન થયું**

**મુંબઈ, તા.23**



ભારતીય શેરબજારમાં ડેરિવેટિવ્સ ટ્રેડિંગમાં પ્રોપ્રાઈટરોને બખ્ખાં થઈ રહ્યા છે જ્યારે રિટેલ રોકાણકારો ભારે નુકસાન કરી રહ્યા હોવાનું સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના એક અભ્યાસમાં જણાયું હતું. પ્રોપ્રાઈટરી ટ્રેડર્સ એટલે કે સ્ટોક બ્રોકરો જેઓ પોતાના એકાઉન્ટ પર ડેરિવેટિવ્સ વેપાર કરે છે, તેમણે નાણાં વર્ષ ૨૦૨૬માં આવા વેપાર પર રૂપિયા ૪૪૪૮૩ કરોડનો નફો કર્યો હતો જ્યારે નાણાં વર્ષ ૨૦૨૫માં આ આંક રૂપિયા ૪૫૯૫૫ કરોડ રહ્યો હતો.

બીજી બાજુ વ્યક્તિગત અથવા રિટેલ ટ્રેડરોએ નાણાં વર્ષ ૨૦૨૬માં રૂપિયા ૯૧૬૮૫ કરોડની ખોટ કરી હતી. નાણાં વર્ષ ૨૦૨૫માં આ આંક રૂપિયા ૧.૧૨ ટ્રિલિયન રહ્યો હતો.

એલ્ગોરિધમ ટ્રેડિંગમાં ફાવટ ઉપરાંત ગણતરીપૂર્વકના ટ્રેડિંગને કારણે વ્યક્તિગત રોકાણકારોની સરખામણીએ સ્ટોક બ્રોકરો ડેરિવેટિવ્સ વેપાર પર નફો કરી શકે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

ઓપ્શન્સ વેપાર પ્રોપ્રાઈટરી ટ્રેડરોનો નફો વધારનારુ મુખ્ય માધ્યમ રહ્યું છે. પ્રોપ્રાઈટરી ટ્રેડરોને બેન્ક ગેરન્ટી માટે રિઝર્વ બેન્કના નવા ધોરણોની પ્રોપ્રાઈટરી ડેરિવેટિવ્સ વેપાર પર કેવી અસર થઈ છે તેનો અંદાજ આવતા વર્ષે મેળવી શકાશે.

જુલાઈમાં ડેરિવેટિવ્સ સેગમેન્ટસમાં સરેરાશ દૈનિક ટર્નઓવરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ડેરિવેટિવ્સ સેગમેન્ટમાં ટર્નઓવર જૂનની સરખામણીએ ૮ ટકા ઘટી રૂપિયા ૪૫૧ લાખ કરોડ સાથે પાંચ મહિનાની નીચી સપાટીએ રહ્યું હતું.

નિયમનકારી ફેરબદલો તથા રોકાણકારોના સેન્ટિમેન્ટ નબળા પડતા બજારના કામકાજ પર અસર પડી હોવાનું બજારના સુત્રો જણાવી રહ્યા છે. પ્રોપ્રાઈટરી ટ્રેડિંગ ફર્મ્સ તથા કેપિટલ માર્કેટ ઈન્ટરમીડિઅરિસને ધિરાણ માટે સખત ધોરણો જે ૧લી જુલાઈથી અમલી બન્યા છે તેને કારણે વેપાર પર અસર પડી હોવાનું જણાવાઈ રહ્યું છે.

બેન્ક ગેરન્ટીના નિયમોમાં ફેરબદલને કારણે ટ્રેડિંગ પોઝિશન જાળવી રાખવાનું ખર્ચાળ બન્યું છે. નવા નિયમ પ્રમાણે, બ્રોકરોને બેન્કો દ્વારા અપાતી ગેરન્ટી ૧૦૦ ટકા કોલેટરલ સામે જ આપવાની રહે છે જે પચાસ ટકા સામે હતી.

૧લી એપ્રિલથી ફ્યુચર્સના વેપાર પર એસટીટી ૦.૦૨ ટકા પરથી વધારી ૦.૦૫ ટકા કરાયો છે. જ્યારે ઓપ્શનમાં આ આંક ૦.૧૦ ટકાથી પરથી વધારી ૦.૧૫ ટકા કરાયો છે તેની અસર પણ જોવા મળવાની શકયતા છે.

# શું ટ્રમ્પ પોતાના નિર્ણયોથી શેરબજારમાં કરોડો કમાઈ રહ્યા છે?: જૂનમાં 1 હજારથી વધુ સ્ટોક ટ્રેડ્સ કર્યા

**વોશિંગ્ટન, તા.23**

અમેરિકાના પ્રમુખપદના એક જ નિવેદન કે નિર્ણયથી સમગ્ર વિશ્વના શેરબજાર અને નાણાકીય બજારોમાં ક્ષણવારમાં મોટી હલચલ મચી જતી હોય છે. આવી સંવેદનશીલ સ્થિતિ વચ્ચે વ્હાઈટ હાઉસના વડાના પોતાના જ પોર્ટફોલિયોમાંથી કરોડો રૂપિયાના વિશાળ ટ્રેડિંગના સત્તાવાર રિપોર્ટ જાહેર થતા જ વૈશ્વિક રાજકારણ અને આર્થિક જગતમાં એક નવો જ વિવાદ ઊભો થયો છે. વિવેચકો અને વિરોધીઓ તરફથી હવે એવા ગંભીર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પદ, ગુપ્ત આર્થિક માહિતીઓ અને મહત્વપૂર્ણ નીતિવિષયક નિર્ણયોનો સીધો કે અપ્રત્યક્ષ લાભ ઉઠાવીને શેરબજારમાંથી અબજો રૂપિયાનો નફો કમાઈ રહ્યા છે.

તાજેતરમાં જાહેર કરાયેલા નાણાકીય નિવેદન અને સત્તાવાર રિપોર્ટ અનુસાર, રાષ્ટ્રપતિ ટ્રમ્પે જૂન 2026ના માત્ર એક જ મહિનામાં 1,000થી પણ વધુ સિક્યોરિટીઝ ટ્રેડ્સ કર્યા છે. આ તમામ ટ્રાન્ઝેક્શનની કુલ કિંમત 78.1 મિલિયન ડોલરથી લઈને 263.1 મિલિયન ડોલર એટલે કે ભારતીય રૂપિયામાં અંદાજે 7,000 કરોડથી 2,500 કરોડની વચ્ચે આંકવામાં આવી છે. અમેરિકી કાયદાકીય અને નાણાકીય નિયમો હેઠળ રાષ્ટ્રપતિ તેમજ ટોચના સરકારી અધિકારીઓ માટે પોતાના દરેક નાણાકીય સોદાની એકઝેટ કે ચોક્કસ રકમ જાહેર કરવી ફરજિયાત નથી, પરંતુ તેમણે ટ્રાન્ઝેક્શન માટે એક ચોક્કસ મર્યાદા કે રેન્જ દર્શાવવાની હોય છે, જેના કારણે જ જાહેર થયેલા રિપોર્ટમાં ન્યૂનતમ અને મહત્તમ આંકડાઓની રેન્જ આપવામાં આવી છે.

જૂન મહિના દરમિયાન થયેલા સેંકડો સોદાઓમાંથી સૌથી મોટો અને મોટો ધમાકો કરનારો સોદો 22 જૂને નોંધાયો હતો. આ દિવસે ટ્રમ્પના પોર્ટફોલિયોમાંથી જાણીતા વેનગાર્ડ ગ્રુપના એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ (ETF)ના 5 મિલિયન ડોલરથી લઈને 25 મિલિયન ડોલર (એટલે કે લગભગ 48 કરોડથી 240 કરોડ)ના વિશાળ મૂલ્ય ધરાવતા શેર્સનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ સિવાય તેમના રોકાણ પોર્ટફોલિયોમાં વિશ્વની પ્રખ્યાત અને મલ્ટિનેશનલ કંપનીઓની મોટી હલચલ જોવા મળી હતી. ઉદાહરણ તરીકે, 18 જૂને તેમણે બર્કશાયર હેથવેમાં $1 મિલિયનથી $5 મિલિયન (આશરે 10 થી 48 કરોડ)ના શેર ખરીદ્યા હતા અને ત્યારબાદ 24 જૂને તેનો અમુક હિસ્સો વેચી દીધો હતો. ટેક જાયન્ટ મેટા (ફેસબુક)ના $1 મિલિયનથી $5 મિલિયનના શેર્સ તેમણે 18 જૂને વેચ્યા હતા, પરંતુ મહિનાના અંતમાં ફરીથી નાની રકમમાં તેની ખરીદી કરી હતી. ડેટા એનાલિટિક્સ કંપની પ્લાન્ટિરમાં પણ તેમણે જૂનની શરૂઆતમાં ખરીદી કર્યા બાદ મધ્યમાં વેચાણ કર્યું હતું અને જૂનના અંતમાં ફરી નવું રોકાણ કર્યું હતું. આ ઉપરાંત વિઝા, માસ્ટરકાર્ડ, સિન્ટાસ, કોઈનબેઝ અને હોમ ડિપો જેવી વૈશ્વિક અગ્રણી કંપનીઓમાં પણ વિશાળ માત્રામાં ટ્રાન્ઝેક્શન હાથ ધરવામાં આવ્યા હતા.



સૌથી વધુ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે ટ્રમ્પના પોર્ટફોલિયોના ટ્રેડિંગ અને અમેરિકાની ભૌગોલિક-રાજકીય (Geopolitical) ઘટનાઓ વચ્ચે પણ એક આશ્ચર્યજનક ટાઈમિંગ જોવા મળ્યું છે. ઉદાહરણ તરીકે, 14 જૂનના રોજ જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે અત્યંત મહત્વપૂર્ણ શાંતિ કરાર પર સહમતિ બની હોવાના સમાચાર આવ્યા, તેના બરાબર પછીના અઠવાડિયામાં એટલે કે 23 અને 24 જૂને ટ્રમ્પના ખાતામાંથી બજારમાં મોટા પાયે નવી ખરીદી કરવામાં આવી હતી. ભૂતકાળમાં પણ બજારમાં નીતિગત નિર્ણયોને કારણે આવેલી મોટી હલચલ દરમિયાન તેમના પોર્ટફોલિયોમાં આવી સક્રિયતા જોવા મળી છે. જોકે, ટ્રમ્પ માટે આટલા મોટા પાયે શેરબજારમાં ટ્રેડિંગ કરવું એ કોઈ નવી વાત નથી. વર્ષ 2025 દરમિયાન પણ તેમણે કુલ 21,000થી પણ વધુ ટ્રેડ્સ કર્યા હતા, જેની કુલ વેલ્યુ 600 મિલિયન ડોલરથી 1.86 બિલિયન ડોલર (અંદાજે 6,000 કરોડથી 18,000 કરોડ) જેટલી વિશાળ રહી હતી.

આટલી મોટી રકમના સતત ટ્રેડિંગને કારણે રાજકીય વર્તુળો અને સિટિઝન ફોરમ્સમાં ભારે આક્રોશ અને વિવાદ ઊભો થયો છે. ટીકાકારો અને વિરોધીઓનું સ્પષ્ટ માનવું છે કે જ્યારે દેશના રાષ્ટ્રપતિના એક માત્ર નિવેદન કે કારોબારી આદેશથી સમગ્ર વોલ સ્ટ્રીટ અને ગ્લોબલ માર્કેટ ઉપર-નીચે થઈ જતા હોય, ત્યારે તેમના પોતાના કે તેમના પરિવારના ખાતાઓમાંથી આ પ્રકારે કરોડોનું ટ્રેડિંગ થવું સંપૂર્ણપણે હિતોના સંઘર્ષ (Conflict of Interest) સમાન છે અને તે નૈતિક રીતે યોગ્ય નથી.

બીજી તરફ, આ તમામ આરોપો અને સવાલો સામે રાષ્ટ્રપતિ ટ્રમ્પના પુત્ર એરિક ટ્રમ્પે બચાવ કરતા જણાવ્યું છે કે તેમના પિતાની તમામ સંપત્તિ અને નાણાં એક 'બ્લાઈન્ડ ટ્રસ્ટ' (Blind Trust) હેઠળ સંચાલિત થાય છે. બ્લાઈન્ડ ટ્રસ્ટ એક એવી કાયદાકીય સિસ્ટમ છે જ્યાં કોઈપણ વ્યક્તિ પોતાની તમામ સંપત્તિ એક સંપૂર્ણપણે સ્વતંત્ર પોર્ટફોલિયો મેનેજરને સોંપી દે છે.

# આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો: સોનું ₹8,257 વધીને ₹1.61 લાખ પર પહોંચ્યું

**નવી દિલ્હી, તા.23**

ચાલુ અઠવાડિયે ભારતીય બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના તાજેતરના અહેવાલ મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 8,257 વધીને 1.61 લાખના સ્તરે પહોંચી ગયો છે, જે ગયા અઠવાડિયે એટલે કે 14 ઓગસ્ટે 1.52 લાખ પર હતો. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ પ્રતિકિલો 12,788નો તોતિંગ વધારો થયો છે, જેના કારણે ચાંદી 2.34 લાખથી વધીને 2.47 લાખ પ્રતિ કિલોના સ્તરે પહોંચી ગઈ છે. આ જબરદસ્ત તેજીના કારણે સામાન્ય ખરીદદારોથી લઈને મોટા રોકાણકારો સુધી તમામનું ધ્યાન ફરી એકવાર કિંમતી ધાતુઓની વધતી કિંમતો પર કેન્દ્રિત થયું છે.

શુદ્ધતા અને કેરેટ મુજબ સોનાના ભાવ પર નજર કરીએ તો 24 કેરેટ સોનાની કિંમત 1,60,620 પ્રતિ 10 ગ્રામ નોંધાઈ છે. આ ઉપરાંત ઘરેણાં બનાવવા માટે સૌથી વધુ વપરાતા 22 કેરેટ સોનાની કિંમત 1,47,128 પ્રતિ 10 ગ્રામ, 18 કેરેટ સોનાની કિંમત 1,20,465 અને 14 કેરેટ સોનાની કિંમત 93,963 પ્રતિ 10 ગ્રામના સ્તરે પહોંચી ગઈ છે. અલગ-અલગ શહેરોમાં સ્થાનિક ટેક્સ અને લોજિસ્ટિક્સના કારણે ભાવમાં થોડો તફાવત જોવા મળે છે. દેશના મુખ્ય શહેરોમાં 24 કેરેટ સોનાના દરો તપાસીએ તો અમદાવાદમાં 1,63,140, મુંબઈમાં 1,63,090, કોલકાતામાં 1,63,090, જયપુરમાં 1,63,240, ભોપાલમાં 1,63,140, પટનામાં 1,63,140, લખનઉમાં 1,63,240, રાયપુરમાં 1,63,090 અને દેશની રાજધાની દિલ્હીમાં 1,63,240 પ્રતિ 10 ગ્રામનો ભાવ ચાલી રહ્યો છે.



વર્ષ 2026 દરમિયાન સોના અને ચાંદીની સફર અત્યંત ચડાવ-ઉતાર ભરેલી રહી છે, પરંતુ એકંદરે તેમાં જંગી વધારો જ નોંધાયો છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં 28,000નો વધારો થઈ ચૂક્યો છે. ગયા વર્ષના અંતે એટલે કે 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખના સ્તરે હતું, જે ઓગસ્ટ 2026 સુધીમાં 1.61 લાખ સુધી પહોંચી ગયું છે. તેવી જ રીતે ચાંદી પણ 31 ડિસેમ્બર 2025ના 2.30 લાખ પ્રતિ કિલોના સ્તરથી વધીને હાલ 2.47 લાખ પર પહોંચી ગઈ છે. વર્ષ 2026ની શરૂઆતમાં 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ અને ચાંદીએ 3.86 લાખનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.

આ વર્ષ દરમિયાન સોના-ચાંદીના માસિક ભાવમાં સતત બદલાવ જોવા મળ્યો છે. 31 જાન્યુઆરી 2026ના રોજ સોનું 1,65,795 અને ચાંદી 3,39,350 પર પહોંચ્યા હતા. ત્યારબાદ 28 ફેબ્રુઆરીએ સોનું 1,50,997 અને ચાંદી 2,66,700, જ્યારે 31 માર્ચે ઘટીને સોનું 1,46,733 અને ચાંદી 2,30,135 પર જોવા મળ્યા હતા. 30 એપ્રિલે કિંમતો ફરી વધીને સોનું 1,50,263 અને ચાંદી 2,40,331 થઈ હતી. મે મહિનાના અંતે 31 મેના રોજ સોનું 1,56,463 અને ચાંદી 2,63,350 પર બંધ રહ્યા હતા. 30 જૂને ફરી ઘટાડા સાથે સોનું 1,41,286 અને ચાંદી 2,25,425 તથા 31 જુલાઈએ સોનું 1,42,860 અને ચાંદી 2,18,295 નીચા સ્તરે રહ્યા હતા. પરંતુ ઓગસ્ટ મહિનામાં 22 ઓગસ્ટ સુધીમાં તીવ્ર ઉછાળા સાથે સોનું ફરી 1,60,620 અને ચાંદી 2,46,630ના સ્તરે આવી ગયા છે. બજારના અગ્રણી નિષ્ણાતો અને કોટક સિક્યોરિટીઝના કોમોડિટી રિસર્ચ હેડના મતે, આ તેજી પાછળ માત્ર સામાન્ય રોકાણકારો જ નહીં પરંતુ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) સહિત વિશ્વભરની સેન્ટ્રલ બેંકો દ્વારા સતત કરવામાં આવી રહેલી સોનાની મોટા પાયે ખરીદી જવાબદાર છે. વિશ્વની આર્થિક અને રાજકીય સ્થિતિઓમાં અનિશ્ચિતતા હોય ત્યારે સોનાને સૌથી સુરક્ષિત રોકાણ ગણવામાં આવે છે. જો આવનારા સમયમાં આર્થિક પરિસ્થિતિઓ વધુ જટિલ બનશે તો પણ સોનામાં તેજી મજબૂત રહેશે અને જો સ્થિતિ સુધરશે તો ચાંદીના ઔદ્યોગિક વપરાશના કારણે તેમાં મોટો ઉછાળો આવી શકે છે. વર્તમાન ટ્રેન્ડ અને સંકેતો મુજબ ચાલુ વર્ષના ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ પ્રતિ 10 ગ્રામ અને ચાંદી 3 લાખ પ્રતિ કિલો સુધી પહોંચી જવાની પૂરી શક્યતા દર્શાવાઈ રહી છે.

સોના-ચાંદીના આ આસમાને પહોંચેલા ભાવો વચ્ચે જ્યારે પણ તમે જ્વેલર્સ પાસે ખરીદી કરવા જાઓ ત્યારે કેટલીક મહત્વપૂર્ણ બાબતોની સાવચેતી રાખવી અનિવાર્ય બની જાય છે. સૌ પ્રથમ તો હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયા સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું જ પ્રમાણિત સોનું ખરીદવું જોઈએ, જેમાં એક વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક કોડ (જેમ કે AZ4524) આપેલો હોય છે, જે સોનાની ચોક્કસ શુદ્ધતા અને કેરેટની ખાતરી આપે છે. ખરીદી કરતી વખતે તે દિવસના સાચા વજન અને 24, 22 કે 18 કેરેટના સત્તાવાર દરો ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની અધિકૃત વેબસાઈટ પરથી ક્રોસ ચેક કરી લેવા જોઈએ. ઘરેણાં બનાવતી વખતે જ્વેલર્સ દ્વારા લેવાતો મેકિંગ ચાર્જ કે લેબર કોસ્ટ ફિક્સ હોતો નથી, તેથી તેના પર યોગ્ય ભાવતાલ કરી શકાય છે અને મોટા જ્વેલર્સ પાસેથી આ ચાર્જનું વિગતવાર લેબર બ્રેકઅપ માંગીને તમે વધુ વ્યાજબી ડીલ મેળવી શકો છો.

# ધિરાણ વ્યવસ્થામાં ગોલ્ડ લોનનો હિસ્સો ૧૦ ટકા પહોંચવા ધારણા

## ગોલ્ડ લોન સસ્તી પડતી હોવાથી વધી રહેલુ આકર્ષણ

**મુંબઈ, તા.23**

ધિરાણ વ્યવસ્થામાં ગોલ્ડ લોનનો હિસ્સો આગામી પાંચ વર્ષમાં વધી ૧૦ ટકા પહોંચી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. નાણાં વર્ષ ૨૦૨૬માં ધિરાણ વ્યવસ્થામાં ગોલ્ડ લોનનો હિસ્સો પાંચ ટકા હતો અને નાણાં વર્ષ ૨૦૨૪માં તે બે ટકા રહ્યો હતો. સોનું જે અત્યારસુધી વારસદારોની અનામત તરીકે જળવાતુ રહ્યું હતું તેનો ઉપયોગ આજની પેઢી લોન લેવામાં કરી રહી છે. ઊંચા વ્યાજ દર સાથેની અનસિકયોર્ડ લોન લેવાને બદલે બોરોઅરો સોના સામે લોન લેવાનું વધુ પસંદ કરવા લાગ્યા છે. ધિરાણદારો પણ નીચા જોખમ સાથેની સિક્યોર્ડ લોન પૂરી પાડવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

નાણાં વર્ષ ૨૦૨૬માં રિટેલ ધિરાણમાં ૪૧ ટકા હિસ્સો ગોલ્ડ લોન્સનો રહ્યો હતો. નાણાં વર્ષ ૨૦૨૪માં આ માત્રા ૨૦ ટકા રહી હતી એમ એક રિપોર્ટમાં જણાવાયું હતું. આજ ગાળામાં વ્યક્તિગત લોનનો હિસ્સો ૧૬ ટકા પરથી ઘટી ૧૩ ટકા પર આવી ગયો છે.



અનસિકયોર્ડ લોન્સની સરખામણીએ ગોલ્ડ લોન્સ પ્રમાણમાં સસ્તી રહે છે. નીચા બોરોઈંગ ખર્ચ ગોલ્ડ લોનના હિસ્સામાં વધારો થવાનું મુખ્ય કારણ છે.

નાણાંકીય જાગૃતિ પણ ગોલ્ડનું મોનિટાઈઝેશન કરવા લોકોને પ્રોત્સાહિત કરી રહી છે. નિષ્ક્રિય રીતે પડી રહેલા સોનાનો ઉપયોગ કરી તેને વળતરદાયી વેપારમાં રોકવા અથવા તો શિક્ષણ અને આરોગ્યસંભાળના ખર્ચને પહોંચી વળવા ગોલ્ડ લોન સરળ માર્ગ હોવાનું લોકો માનતા થયા છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

તાજેતરમાં સોનાના ભાવમાં આવેલી રેકોર્ડ તેજી પણ ગોલ્ડ સામે લોન લેવાની વૃત્તિમાં વધારો થયો છે. ઊંચા વ્યાજ દર સાથેની અનસિકયોર્ડ લોન લેવાને બદલે બોરોઅરો સોના સામે લોન લેવાનું વધુ પસંદ કરવા લાગ્યા છે. ધિરાણદારો પણ નીચા જોખમ સાથેની સિક્યોર્ડ લોન પૂરી પાડવાનું વધુ પસંદ કરી રહ્યા છે. નાણાં વર્ષ ૨૦૨૬માં રિટેલ ધિરાણમાં ૪૧ ટકા હિસ્સો ગોલ્ડ લોન્સનો રહ્યો હતો. નાણાં વર્ષ ૨૦૨૪માં આ માત્રા ૨૦ ટકા રહી હતી એમ એક રિપોર્ટમાં જણાવાયું હતું. આજ ગાળામાં વ્યક્તિગત લોનનો હિસ્સો ૧૬ ટકા પરથી ઘટી ૧૩ ટકા પર આવી ગયો છે.

# પોલીસ ભરતી બોર્ડની વિવિધ પદો માટેની લેખિત પરીક્ષા

## અમદાવાદમાં 952 પરીક્ષા કેન્દ્રો પર 32,457 ઉમેદવારોની કસોટી, ગેરરીતિ રોકવા GPSથી વાહનોનું લાઈવ મોનિટરિંગ

**અમદાવાદ, તા.23**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્ય પોલીસ દળમાં વિવિધ ટેકનિકલ અને બિન-ટેકનિકલ સંવર્ગની મહત્વપૂર્ણ જગ્યાઓ માટે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી પ્રક્રિયા હેઠળ પીએસઆઈ (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, પીએસઆઈ (મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1) જેવી વિશિષ્ટ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવી રહી છે. સમગ્ર અમદાવાદ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મળીને કુલ 952 પરીક્ષા કેન્દ્રો ખાતે આ સુવ્યવસ્થિત પરીક્ષા યોજાઈ રહી છે, જેમાં કુલ 32,457 જેટલા ઉમેદવારો ભાગ લઈ રહ્યા છે.

પરીક્ષા કેન્દ્રોના આંકડાકીય વિભાજન પર નજર કરીએ તો, અમદાવાદ શહેર ક્ષેત્રમાં 69 જેટલી શાળા-કોલેજોમાં 688 બ્લોકની ફાળવણી કરવામાં આવી છે, જ્યાં 20,613 ઉમેદવારો પરીક્ષામાં બેઠા છે. બીજી તરફ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના સીમાડાઓમાં 27 શાળા-કોલેજો ખાતે 264 બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં 11,844 ઉમેદવારો પોતાની ક્ષમતા અને તૈયારીઓનું પ્રદર્શન કરી રહ્યા છે.

પરીક્ષાના સમયપત્રક અને ગુણભારની વાત કરીએ તો, સવારના પ્રથમ તબક્કામાં સવારે 9.30થી બપોરે 12.30 વાગ્યા દરમિયાન પીએસઆઈ (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર માટે 200 માર્ક્સની લેખિત પરીક્ષા લેવામાં આવી છે. આ જ સમયગાળા દરમિયાન પીએસઆઈ (મોટર ટ્રાન્સપોર્ટ)ની 210 માર્ક્સની પરીક્ષા યોજાઈ છે. જ્યારે બપોરના બીજા તબક્કામાં બપોરે 3.00થી સાંજના 6.00 વાગ્યા દરમિયાન હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની 210 માર્ક્સની પરીક્ષા પૂર્ણ થશે. આ



તમામ પરીક્ષાઓ એમસીક્યુ (MCQ) એટલે કે બહુવિકલ્પિક પ્રશ્ન પદ્ધતિ આધારિત છે. ઉમેદવારો માટે આ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે Part-A અને Part-B બંને વિભાગોમાં અલગ-અલગ રીતે ઓછામાં ઓછા 40 ટકા માર્ક્સ મેળવવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ગંભીરતા અને સચોટતા જળવાઈ રહે તે માટે ખોટા જવાબ આપવા પર માઈનસ માર્કિંગની પદ્ધતિ પણ અમલમાં મૂકવામાં આવી છે.

ભરતી બોર્ડ દ્વારા પરીક્ષાની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક, ન્યાયી અને ગેરરીતિ મુક્ત રહે તે માટે અત્યંત કડક અને મલ્ટિપલ સિક્યુરિટી લેયર્સ તૈયાર કરવામાં આવ્યા છે. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે 1,100થી વધુ સુરક્ષાબળના પોલીસ કર્મચારીઓ અને 1,500થી વધુ શિક્ષણ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓને સમગ્ર કેન્દ્રો પર તૈનાત કરવામાં આવ્યા છે. પરીક્ષા આપવા આવતા ઉમેદવારોની બાયોમેટ્રિક અને ચોક્કસ ઓળખ સુનિશ્ચિત કરવા માટે પરીક્ષા કેન્દ્રોના પ્રવેશદ્વાર પર ચહેરાની ઓળખ કરતી આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરીક્ષા સંબંધિત ગોપનીય સાહિત્યની સુરક્ષિત હેરફેર માટે પણ અદ્યતન ટેકનોલોજીનો સહારો લેવાયો છે, જેમાં કરાઈ ખાતે સ્થિત મુખ્ય કંટ્રોલ રૂમમાંથી તમામ વાહનોનું જીપીએસ (GPS) મારફતે લાઈવ મોનિટરિંગ અને ટ્રેકિંગ કરવામાં આવી રહ્યું છે. દરેક કેન્દ્ર પર ઉમેદવારોના અસલ દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કર્યા બાદ જ તેમને કસોટી ખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો છે.

આ કઠિન પરીક્ષા આપવા આવેલા ઉમેદવારોમાં પણ અનોખો ઉત્સાહ અને હકારાત્મકતા જોવા મળી છે. અમદાવાદના દર્શન ચૌહાણ અને વડોદરાથી આવેલા તુષાર નામના ઉમેદવારોએ પોતાના અનુભવો શેર કરતા જણાવ્યું હતું કે, તેઓ દૈનિક નોકરી કે રોજગારની જવાબદારીઓ સંભાળવાની સાથે સાથે છેલ્લા 3થી 6 મહિનાથી સતત અને શિસ્તબદ્ધ રીતે સમયનું મેનેજમેન્ટ કરીને આ પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા હતા. તેમણે રજાના દિવસોનો મહત્તમ ઉપયોગ કરીને જનરલ એબિલિટી અને ટેકનિકલ વિષયો પર ખાસ પકડ મજબૂત કરી હતી અને હવે સંપૂર્ણ આત્મવિશ્વાસ તથા હકારાત્મક ઊર્જા સાથે આ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરવાની આશા રાખી રહ્યા છે.

# ઈદ-એ-મિલાદને લઈને ગોમતીપુર, બાપુનગર સહિતના વિસ્તારમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

- **100થી વધારે પોલીસ કર્મચારીઓ જોડાયા, શાંતિ સમિતિના આગેવાનો સાથે બેઠક**

**અમદાવાદ, તા.23**

આગામી 26 ઓગસ્ટના રોજ ઈદે મિલાદનો તહેવાર હોવાના કારણે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ દ્વારા જુલુસના રોડ ઉપર ફૂટ પેટ્રોલિંગ અને મુસ્લિમ સમાજના આગેવાનો સાથે બેઠક કરવામાં આવી રહી છે.

ઈદે મિલાદના ઝુલુસને લઈને ઝોન 5 ડીસીપીની આગેવાનીમાં શહેરના ગોમતીપુર, બાપુનગર અને રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રે ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગુનેગારોમાં તહેવાર દરમિયાન ડર રહે અને શાંતિપૂર્વક તહેવારની ઉજવણી કરી શકે તેને લઈને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે.

ઝોન 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલએ જણાવ્યું હતું કે, શહેરના રખિયાલ, ગોમતીપુર અને બાપુનગર વિસ્તારમાં 26 ઓગસ્ટના રોજ ઈદે મિલાદનું ઝુલુસ નીકળવાનું છે, જેને ધ્યાનમાં રાખીને એસીપી અને વિસ્તારના ડીસીપી સાથે



મળીને ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. 100થી વધારે પોલીસ કર્મચારીઓ સાથે જોડાયા છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તહેવાર દરમિયાન જળવાઈ રહે તેને લઈને ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. રૂટ પર મુસ્લિમ સમાજના આગેવાનો અને શાંતિ સમિતિના આગેવાનો સાથે બેઠક કરવામાં આવી છે.

# જેઠાણીના પ્રેમીએ દેરાણીના બિભત્સ ફોટા-વીડિયો વાઈરલ કર્યાં: પતિએ મોબાઈલ જોતા ભાંડો ફૂટ્યો

## મણિનગરમાં અને વટવામાં પણ લખન પ્રજાપતિ સામે પોલીસ ફરિયાદ

**અમદાવાદ, તા.23**

મણિનગરમાં જેઠાણીના પ્રેમીએ દેરાણીના અજાણ્યા શખ્સ સાથેના બિભત્સ ફોટા વોટ્સએપમાં મોકલ્યા હતા. તેમજ રિલ્સ બનાવી અપલોડ કરી બદનામ કરી હતી. પતિએ મોબાઈલ જોતા ભાંડો ફૂટ્યો હતો. આ અંગે મહિલાએ જેઠાણીના પ્રેમી સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.





મણિનગરમાં 26 વર્ષીય મહિલા પરિવાર સાથે રહે છે. જેમાં 19 ઓગસ્ટે સાંજે પતિએ પત્નીનો મોબાઈલ જોતા અજાણ્યા નંબર પરથી પત્નીના કોઈ શખ્સ સાથેના બિભત્સ ફોટા વોટ્સએપ પર મોકલ્યા હતા. તેમજ ઈન્સ્ટાગ્રામમાં અજાણ્યા શખ્સ સાથેની બિભત્સ રીલ મોકલી હતી. ઉપરાંત મહિલાની નણંદના ફોટાની પણ બિભત્સ રીલ પણ અપલોડ કરી હતી. બાદમાં પરિવારે તપાસ કરતા જેઠાણી જેની સાથે ભાગી ગઈ હતી તે પ્રેમી લખન પ્રજાપતિએ આ કૃત્ય કર્યું હોવાનું સામે આવ્યું હતું. જે આ રીતે અવારનવાર રીલ અપલોડ કરીને હેરાન કરતો હતો. કંટાળીને મહિલાએ લખન સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વટવામાં રહેતા 43 વર્ષીય યુવક ડ્રાઈવિંગ કરે છે. 19 ઓગસ્ટે રાત્રિના સમયે ઘરના સભ્યો બેઠા હતા ત્યારે અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. બાદમાં અજાણ્યા શખ્સે યુવક અને તેની પત્નીનો ફોટો મોકલ્યો હતો. યુવકના સાળાની પત્નીનો ફોટો મોકલીને તમે આને ઓળખો છો તેમ પૂછતાં યુવકે હા પાડતા સાળાની પત્નીના અન્ય શખ્સ સાથેના એડિટિંગ કરેલા ફોટાઓ મોકલ્યા હતા. એટલું જ નહીં યુવકની પત્નીના ઈન્સ્ટાગ્રામ અને ફેકબુકમાં રહેલા ફોટાઓ મેળવી તેમાં એડિટિંગ કરી બિભત્સ લખાણ લખીને વાઈરલ કર્યા હતા. બાદમાં શખ્સે યુવકને તમારા સાળાની પત્નીને એકવાર બતાવી દો નહિ તો બીજા આવા ફોટા વાઈરલ કરી દઈશ તેમ મેસેજ કર્યો હતો. તેમજ શખ્સે લખન નામની આઈડી મોકલી હતી તે જોતા પત્નીના અજાણ્યા શખ્સ સાથેના ફોટા અને રીલ હતી. જેથી તપાસ કરતા મણિનગરમાં જે શખ્સ સામે ફરિયાદ નોંધાઈ તે જ લખન પ્રજાપતિએ આ કૃત્ય કર્યું હોવાનું સામે આવ્યું છે. આ અંગે યુવકે વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# શેલા કલબ 07 સહિતના વિસ્તારોમાં ઔડાની લાઈન નાખવાની કામગીરી પૂર્ણ

## આગામી ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ થઈ જશે, 50 હજાર લોકોને ફાયદો

**અમદાવાદ, તા.23**

ગત જુલાઈ મહિનામાં અમદાવાદમાં પડેલા ભારે વરસાદના કારણે બોપલ- ઘુમા અને ઔડા (અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ) હેઠળ આવતા શેલા વિસ્તાર જળમગ્ન થઈ ગયા હતા. બેથી ત્રણ દિવસ સુધી વરસાદી પાણી ભરાઈ રહ્યા હતા. શેલાના કલબ 07 અને સ્કાય સિટી આસપાસના વિસ્તારમાં ભરાતા પાણીની સમસ્યા દૂર કરવા ઔડા દ્વારા ક્લબ 07 રોડ થઈને રજનીકાંત શ્રોફ તળાવ સુધી અને ત્યાંથી સાણંદના કાણેટી તળાવ સુધી વરસાદી પાણીની લાઈન નાખીને શેલામાં સ્કાય સિટી આસપાસના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યાનો નિકાલ લાવવામાં આવ્યો છે. આગામી વર્ષે આ વિસ્તારોમાં વરસાદી પાણીનો



ઝડપથી નિકાલ થઈ જશે અને અંદાજે 50 હજાર લોકોને ફાયદો થશે.

ઔડા CEO મિરાંત પરીખે કહ્યું હતું કે, શેલામાં ક્લબ 07 તથા તેની આસપાસના વિસ્તારમાં સ્ટ્રોમ વોટર પાઈપલાઈનના અભાવે દર વર્ષે ચોમાસામાં ખૂબ જ પાણી ભરાઈ રહેતું હતું. રોડ પર નાગરિકો અને વાહનવ્યવહારમાં ખૂબ જ તકલીફ પડતી હતી, જેથી આ સમસ્યાના નિવારણ માટે ઔડા દ્વારા સ્કાયસીટી જંકશનથી ક્લબ- 07 થઈ પદ્મભૂષણ રજનીકાંત શ્રોફ તળાવ સુધી સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાખવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત ચાલુ ચોમાસા પહેલા સ્કાયસીટી જંકશનથી ક્લબ- 07 તળાવ સુધી 1600 મીમી વ્યાસની RCC પાઈપલાઈન તથા ક્લબ-07 તળાવથી પદ્મભૂષણ રજનીકાંત શ્રોફ તળાવ સુધી 2000 મીમી વ્યાસની RCC પાઈપલાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

આ સમગ્ર વિસ્તારનું પાણી સાણંદ કાણેટી તળાવ થઈ ડ્રેનેજ મારફતે ભોગાવો નદી તરફ નિકાલનું આયોજન કરવાં આવ્યું છે. જે અંતર્ગત હાલમાં પદ્મભૂષણ રજનીકાંત શ્રોફ તળાવ પાસે સ્ટ્રોમ વોટર પમ્પિંગ સ્ટેશન બનાવવાની કામગીરી હાલમાં કરવામાં આવી રહી છે. સાણંદના કાણેટી તળાવ સુધીની 1200 મીમી વ્યાસની રાઈઝિંગ પાઈપલાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

આ વરસાદી પાણીની લાઈન નાખવાથી સ્કાયસીટીથી ક્લબ-07સુધીના રોડ પર વરસાદી પાણીના ભરાવવાની સમસ્યાનું કાયમી નિરાકરણ થઈ ગયું છે. આગામી ચોમાસા દરમિયાન હવે વરસાદી પાણીનો ઝડપથી નિકાલ તળાવમાં થશે. શેલા વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યાના નિવારણ માટે ADB સહાય પ્રોજેક્ટ અંતર્ગત ડ્રેનેજ રાઈઝિંગ પાઈપલાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેને કાર્યરત કરવા માટે ઈન્સ્પેક્શન તથા સફાઈની કામગીરી ચાલી છે. જે કામગીરી પૂર્ણ થયા બાદ શેલા વિસ્તાર તથા તેની આસપાસના વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યાનું કાયમી નિવારણ આવશે.

# હોટલમાં યુવતીને મળવાની લાલચમાં યુવકે 9.50 લાખ ગુમાવ્યા: રજીસ્ટ્રેશનથી લઈ કેન્સલેશનના નામે પૈસા પડાવ્યા, ઈન્સ્ટાગ્રામમાં એડ જોઈને PGમાં રહેતો યુવક ફસાયો

**અમદાવાદ, તા.23**

સોશિયલ મીડિયા ઉપર યુવતી સાથે મિત્રતા અને હોટલમાં બોલાવવા અંગેની જાહેરાતો જોઈને આપવામાં આવેલા નંબર કે માહિતી પર વિશ્વાસ કરવો નહીં. કારણ કે મિત્રતા અને મળવાના નામે લોકો સાથે છેતરપિંડી કરવામાં આવે છે. શહેરના પાલડી વિસ્તારમાં પીજીમાં રહેતા યુવકે સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ મારફતે હોટલમાં યુવતીને મળવાની જાહેરાત જોઈને નંબર પર સંપર્ક કર્યો હતો. જેમાં સામેવાળી વ્યક્તિએ રજીસ્ટ્રેશન, મુલાકાત ચાર્જ હોટલ રૂમ ભાડું વેરિફિકેશન ચાર્જ સહિત અલગ અલગ બહાના હેઠળ 9.50 લાખ રૂપિયા પડાવી લીધા હતા. બાદમાં પૈસા પરત આપ્યા ન હતા જેને લઈને યુવકે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મૂળ મધ્યપ્રદેશનો 24 વર્ષીય યુવક અમદાવાદના પાલડી વિસ્તારમાં PGમાં રહે છે અને એક કંપનીમાં ટ્રેઈની તરીકે કામ કરે છે. જુલાઈ મહિનામાં તેણે ઈન્સ્ટાગ્રામ પર પર એક સ્પોન્સર્ડ એડવર્ટાઇઝમેન્ટ જોઈ હતી. તેમાં



નજીકમાં રહેતી યુવતી સાથે વાતચીત અને મુલાકાત માટે સંપર્ક કરવાની માહિતી આપવામાં આવી હતી. જાહેરાતમાં આપેલા નંબર પર યુવકે ફોન કરતાં સામેવાળાએ પોતાનું નામ હુકમસિંગ હોવાનું જણાવ્યું હતું. યુવકે સર્વિસ અંગે માહિતી મેળવી રસ દાખવતાં તેની પાસેથી 500 રજિસ્ટ્રેશન ફી લેવામાં આવી હતી. રજિસ્ટ્રેશન બાદ સામેવાળાએ યુવકને ચારથી પાંચ યુવતીના ફોટોગ્રાફ મોકલ્યા હતા. યુવકે તેમાંથી એક યુવતી પસંદ કરી હતી અને તેને પાલડીની એક હોટલમાં મોકલવા માટે જણાવ્યું હતું. યુવક હોટલ પહોંચ્યા બાદ તેણે યુવતીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ મુજબ, યુવતી તરફથી મુલાકાત ચાર્જ અને રૂમના ભાડા સહિતના ખર્ચ પેટે 14 હજારની માંગણી કરવામાં આવી હતી. પૈસા ભર્યા બાદ મોડુ થઈ ગયું હોવાથી તેણે સર્વિસ કેન્સલ કરી નાખી હતી અને સવારના સમયે રિફંડ મળશે તેમ જણાવ્યું હતું. સર્વિસ કેન્સલેશનના ચાર્જ અને સર્વિસ રિન્યુએલ ચાર્જ તેમજ રિફંડ અને બેન્કિંગ પ્રોસેસ અને વધુ પૈસા ભર્યા છે એમ અલગ અલગ બહાના કરીને અલગ અલગ બેંક એકાઉન્ટ અને UPIDમાં કુલ 9.50 લાખ રૂપિયા ભરાવડાવ્યા હતા ત્યારબાદ પૈસા રિફંડ ન આવતા તેઓને છેતરપિંડી થઈ હોવાની જાણ થતા આ મામલે તેમણે સાયબર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કર્યો હતો. સાયબર ક્રાઈમ બ્રાન્ચે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




